સુવિચાર
જીવતા હોવાનો ડોળ કરવામાં જ ખરેખરુ જીવવાનું રહી જાય છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૭/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
ગૌરીવ્રત-જયાપાર્વતીના ઉપવાસ માટે
મોળી વેફર્સ
મોળો ચેવડો
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ વદ-૨ વર્ષ : ૧૬ અંક : ૧૯૧

## રાજયભરનાં માર્ગો અને પુલો અંગે અવારનવાર અહેવાલો પ્રસિધ્ધ થયા તેને ગંભીર રીતે ન લીધા

# મીડિયાનાં અહેવાલની અવગણનાં કરવી મા-મ વિભાગને ભારે પડી

**''અમરેલી એક્સપ્રેસ'' છેલ્લા ઘણા મહિનાઓથી બિસ્માર માર્ગો અને પુલોની વ્યથાને વાચા આપતું આવ્યું છે**

**સત્તાનાં મદમાં રાચતા અધિકારીઓ અને પદાધિકારીઓ મુખ્યમંત્રીનાં આદેશ બાદ દોડતા થયા**

**નાના માચીયાળાનાં પુલ અંગે છેલ્લા ૨ વર્ષથી અહેવાલ પ્રસિધ્ધ થાય છતાં કોઈને અસર ન હતી**

**મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હવે આદેશ છુટતા પુલનું કલ્યાણ થવાની સંભાવના**




અમરેલી, તા. ૧૧
''અમરેલી એકસપ્રેસ'' દૈનિકમાં ગત ૨૫ જૂનનાં રોજ તેમજ ૧ વર્ષ પહેલા પણ અમરેલી નજીક આવેલ નાના માચીયાળા નજીક ઠેબી નદી ઉપરનાં પુલ બિસ્માર બન્યા અંગેનો અહેવાલ પ્રસિધ્ધ થયો ત્યારે માર્ગ-મકાન વિભાગે તેને નગણ્ય કર્યો અને ગંભીરા પુલની ઘટના બની અને જાગૃત નાગરિકો તેમજ અન્ય મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થતાં મુખ્યમંત્રી કાર્યાલયમાંથી માર્ગ-મકાન વિભાગનાં સચિવને નાના માચીયાળા પુલની તપાસ કરવાની સુચના આપવામાં આવી છે.

અમરેલી સહિત રાજયભરનાં મીડિયા જગતમાં અવારનવાર બિસ્માર પુલ, માર્ગ અંગે અહેવાલ પ્રસિધ્ધ થતો રહે છે. ત્યારે, સત્તા અને સંપત્તિનાં મદમાં રાચતા પદાધિકારીઓ અને અધિકારીઓ તેને સામાન્ય અહેવાલ ગણે અને ગંભીરા પુલ જેવી ઘટના બને ઉચ્ચકક્ષાએથી આદેશ છુટે અને તમામ મીડિયા સમૂહ દેકારો બોલાવે એટલે સત્તાનાં મદમાં ફરતા અધિકારીઓ અને પદાધિકારીઓ દિવસ-રાત સમસ્યા દૂર કરવા કામે ચડે છે.

જો સરકારનાં તમામ વિભાગ નિષ્પક્ષ મીડિયાનાં અહેવાલોને હંમેશા ગંભીરતાથી લે તો તેના અને જનતા બંને માટે ફાયદારૂપ થતું હોય છે. પરંતુ, ખુરશીનો પાવર એવો છે કે મીડિયાનાં ગંભીર અહેવાલને અગણ્ય કરે અને બાદમાં નીચી મુંડી રાખીને મરામત કરવાની જરૂર પડે છે.

## અમરેલીનો સૌ પ્રથમ પ્રોપર્ટી એક્સ્પો

INVESTMENT કરવું છે ને?

તો AHMEDABAD અને GANDHINAGAR થી BEST શું હોઈ શકે

2 BHK , 3 BHK , 4 BHK , PENTHOUSE, SHOWROOMS, OFFICE, STUDIO APT

GUARANTEED RETURNS







12 & 13 JULY
શનિવાર - રવિવાર
( 10 AM to 6 PM )




અલ્પાહાર
ભોજન સાથે લઈશું.

SAFFRON GROUP | SHREE SHARANAM | ANANTA GROUP

CONTACT US :
+91 85114 92222

LOCATION : Old Market Yard,
Hotel Angel Lords (Banquet Hall)

# વડિયા ખાતે આધુનિક સુવિધાઓ સાથે પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરાયું



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા ગામ ખાતે અંદાજિત રૂા.૭૩ લાખનાં ખર્ચે નિર્માણ પામેલી સદગુરૂ પ્રાથમિક શાળાનું લોકાપર્ણ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ આધુનિક સુવિધાસભર શાળા વડિયા ગામનાં બાળવિકાસ અને ગુણવતાપુર્વકના શિક્ષણ માટે મજબુત આધારરૂપ બનશે. આ તકે ગુજરાત વિધાનસભાના દંડક કૌશિકભાઈ વેકરીયા, તાલુકા પંચાયત પ્રમુખ પરશોતમભાઈ હિરપરા જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમ્મર, ઉપપ્રમુખ મનોજ હપાણી, તાલુકા પંચાયત ચેરમેન તુષારભાઈ ગણાત્રા, તુષારભાઈ વેગડ, ચેતનભાઈ દાફડા સહિતનાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા.

### જાગૃત નાગરિકની રજુઆત સફળ રહી

## જાફરાબાદનાં પીપળીકાંઠા વિસ્તારમાં પાણી ભરાતા જેસીબીથી દુર કરાયુ

### ચીફ ઓફિસરે યુધ્ધનાં ધોરણે કામગીરી કરાવી



રાજુલા, તા. ૧૧

જાફરાબાદના પીપળીકાંઠા વિસ્તારમાં આવેલ તલાવડી તરીકે ઓળખાતા વિસ્તારની જયાં છેલ્લા ઘણા સમયથી જે પાણી રોડ ઉપર ભરાવાનો પ્રશ્ન હતો. જે પહેલા પણ સોશિયલ મીડિયાના માધ્યમથી તંત્રને ધ્યાન દોરવાનો પ્રયાસ કરવામાં આવેલો. જાફરાબાદ નગરપાલિકાના ચીફ ઓફિસર સાથે ધર્મેશભાઈ બારૈયા ધ્વારા ટેલીફોન પર વાતચીત કરી હતી. કે આ વિસ્તારમાં જેસીબી ધ્વારા કામ કરવામાં આવે જેથી કરીને આ વિસ્તારની જનતા જનાર્દનને મુશ્કેલીઓમાં રાહત મળી શકે જેના ભાગરૂપે ચીફ ઓફિસરએ આ કામ માટે થોડી જ વારમાં જેસીબી મોકલી આપ્યું હતું. આ સાથે જ આ વિસ્તારની જનતા જનાર્દનનું એવું કહેવું હતું કે સ્કૂલ જતા બાળકો તેમજ ખારવા સમાજની લગ્નની સિઝન છે. જેના ઘણા પ્રસંગો અહીંથી પસાર થાય છે સાથે સાથે આ આખા વિસ્તારની ઘણી માતાઓ બહેનો શાકભાજી લેવા જાય છે. ત્યારે આ સ્વીમીંગ પુલનો પસાર કરવો પડે છે. આ વિસ્તારના સદસ્યઓને આ બાબત કેમ ધ્યાન ઉપર નથી આવતી.

જાફરાબાદ નગરપાલિકાના ચીફ ઓફિસર સાથે ટેલીફોનિક વાતચીત પણ થઈ છે કે આ સમસ્યાનો કાયમી ધોરણે નિકાલ થાય તે વાતને લઈને ચીફ ઓફિસર એ ખૂબ હકારાત્મક જવાબ આપવામાં આવેલો અને આમ છતાં પણ જરૂર પડશે તો લેખિતમાં પણ રજૂઆત કરવાની આ વિસ્તાર માટે સંપૂર્ણ પણે તૈયારી રહેશે.

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમની મુલાકાતે આગેવાનો



અમરેલી, તા. ૧૧

અમરેલી હિંમતભાઈ સોજીત્રા (મુ. ગોવિંદપુર), માવજીભાઈ ગોલ, સુરેશભાઈ દવે, રાજુભાઈ ગજેરા, બાબુભાઈ વોરા, સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમની વિશિષ્ટ શુભેચ્છા મુલાકાતે પધારેલ.

સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહિ તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા સારહી યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી.

આ આવસરે ઈફકો તેમજ એન.સી.યુ.આઈ.ના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, પ્રાગજીભાઈ કાલરીયા, સંજયભાઈ ગઢવી ઉપસ્થિત રહેલ.

સારહિ પરિવાર વતી મહેમાનોનો હદયપૂર્વક આભાર માનવામાં આવ્યો.

### રાજય સરકારે માત્ર કપાસ માટે સહાય કરી અન્યાય કર્યો

## અમરેલી ગત વર્ષે થયેલ ભારે વરસાદમાં ખેડૂતોને મગફળીમાં પણ વ્યાપક નુકસાન થયેલ

### જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને રજૂઆત કરી

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં ગત વર્ષે ભારે વરસાદથી કપાસ ઉપરાંત મગફળીમાં પણ વ્યાપક નુકસાન થયું હોય રાજય સરકારે માત્ર ખેડૂતોને કપાસની નુકસાનીની સહાય કરીને મગફળી પકવતાં ખેડૂતોને અન્યાય કર્યો હોય જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને મગફળી પકવતાં ખેડૂતોને સહાય કરવા માંગ કરી છે.

પત્રમાં જણાવેલ છે કે, ગત વર્ષ ઓકટો–૨૦૨૪માં ભારે વરસાદ પડેલ હતો. તેની સહાય માટે અમરેલી જિલ્લાને વંચિત રાખતા કોંગ્રેસ પાર્ટી દ્વારા ધરણા કરવામાં આવેલ તેમજ અવારનવાર પત્રો પાઠવતા હાલ ગુજરાત સરકાર ધ્વારા ઠરાવ બહાર પાડવામાં આવેલ છે, તે અંગે પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત દ્વારા આ ઠરાવ સામે સવાલ ઉભા કર્યા છે કે અમરેલી જિલ્લામાં કપાસ પાકમાં પ્રાથમિક નુકસાન થયાના જિલ્લા કક્ષાએથી પ્રાથમિક અંદાજો મળેલ હોય, જેમાં માત્ર અમરેલી જિલ્લામાં કપાસનું નોંધપાત્ર વિસ્તારમાં થયેલું હોય જેને



ધ્યાને લઈને ખેડૂતોને સહાય આપવી જરૂરી જણાતા અમરેલી જિલ્લાને માત્ર કપાસના નુકસાની સામે વળતર જાહેર કરવામાં આવેલ છે.

પરંતુ ઓકટો–૨૦૨૪માં થયેલ ભારે વરસાદમાં અમરેલી જિલ્લામાં કપાસ, શીંગ નું વાવેતર કરવામાં આવેલ છે. ત્યારે અમરેલી જિલ્લામાં નુકસાનીનું સર્વેમાં માત્ર કપાસનો ઉલ્લેખ કરીને તેમની દરખાસ્ત કરવામાં આવેલ અને તેના અન્વયે કૃષિ રાહત પેકેજ કપાસ માટે જ જાહેર કરેલ છે, તે તદન અમરેલી જિલ્લાને અન્યાય કરતા છે.

ઓકટો–૨૦૨૪માં અમરેલી જિલ્લાનાં તાલુકાઓમાં ભારે વરસાદનાં કારણે જે નુકસાની થયેલ છે તેમાં મોટા ભાગમાં મગફળીને નુકસાન થયેલ હતું અને ખેડૂતોનાં ખેતરમાં પડેલ મગફળીનાં પાથરા પાણીમાં તણાયાની માહિતી અમોને મળેલ છે. જેના ફોટોગ્રાફસ અને વિડીયો અમો પાસે છે. પરંતુ માત્રને માત્ર કપાસના નુકસાનીનું વળતર આપી અને અમરેલી જિલ્લાનાં ખેડૂતોને આ સહાય અન્યાય રૂપ છે. જેથી આ સર્વે કરવામાં આવેલ તે એક અયોગ્ય હોય, જેમાં અમરેલી જિલ્લામાં કયા કયા તાલુકામાં સર્વે થયેલ છે અને જે પાકોનું નુકસાન થયેલ છે તે પાકોનાં નામો જાહેર કરવામાં આવે તો સર્વે કરેલ ટીમ દ્વારા વાસ્તવિકતા મુજબ સર્વે કરેલ છે કે કેમ તે એક પ્રશ્ન ઉપસ્થિત થવા પામેલ છે. આમ માત્ર કપાસના નુકસાનીનું રાહત પેકેજ જાહેર કરીને ખેડૂતોને અન્યાય થયેલ છે જેથી અમરેલી જિલ્લામાં મગફળીના પાકને નુકસાની થયેલ છે તેમને સમાવેશ કરીને અમરેલી જિલ્લાનાં ખેડૂતો સહાય અપાવવા મુખ્યમંત્રીને પત્ર પાઠવવામાં આવેલ છે.

### સ્વ. રમેશભાઈ સોજીત્રાનાં સ્મરણાર્થે

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમને સોજીત્રા પરિવાર દ્વારા ૧ લાખનુ અનુદાન

### ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી પણ ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૧૧

સ્વ. રમેશભાઈ કાનજીભાઈ સોજીત્રાના સ્મરણાર્થે હિંમતભાઈ સોજીત્રા (મુ. ગોવિંદપુર) તરફથી સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં સેવાને સરનામે ઉમળકા સાથે તા. ૮/૭/૨૫ નાં રોજ ૧,૦૦,૦૦૦/– રૂા. (એક લાખ) પુરાનું અનુદાન આપેલ. જે અનુદાન ઈફકો તેમજ એનસીયુઆઈના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, પ્રાગજીભાઈ કાલરીયાએ સ્વીકારેલ.



સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા–સારહી યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી.

આ અવસરે ઈફકો તેમજ એનસીયુઆઈના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, પ્રાગજીભાઈ કાલરીયા, માવજીભાઈ ગોલ, સુરેશભાઈ દવે, રાજુભાઈ ગજેરા, બાબુભાઈ વોરા, સંજયભાઈ ગઢવી ઉપસ્થિત રહેલ. સારહિ પરિવાર વતી સોજીત્રા પરિવારનો હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

## લાઠીના આંસોદર ખાતે શાળા આરોગ્ય તપાસનું આયોજન



દામનગર, તા. ૧૧

લાઠી તાલુકાની આંસોદર પ્રાથમિક શાળા ખાતે શાળા આરોગ્ય અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય તપાસનું આયોજન કરેલ હતું. જેમાં ડો. આર.આર. મકવાણાના માર્ગદર્શન હેઠળ ડો. હરિવદન પરમાર, ડો. મિતલ શેલીયા, ફાર્માસિસ્ટ તૃપ્તિ બોરીયા અને વિલાસ સાયઠીયા ધ્વારા શાળાના તમામ વિદ્યાર્થીઓનું વજન, ઊંચાઈ કરી બી.એમ.આઈ કાઢી પોષણની સ્થિતિનું મુલ્યાંકન કર્યુ હતું. ઉપરાંત તમામની ડિજિટલ મશીનથી લોહીની હીમોગ્લોબિન તપાસ ઓટોસ્કોપી અને ઓપ્ટેલ્મોસ્કોપી જેવા આધુનિક સાધનોથી સ્થળ પર જ આંખ, કાન, ગળાની તપાસ વગેરે તબીબી તપાસ કરી જરૂરિયાત વાળા વિદ્યાર્થીઓને સ્થળ પર સારવાર આપી હતી. તમામ વિદ્યાર્થીઓને વિવિધ આરોગ્યલક્ષી માર્ગદર્શન આપી વાલી મિંટિગ યોજી સારવાર આપેલ વિદ્યાર્થીઓની આરોગ્ય સ્થિતિ અંગે ચર્ચા કર હતી. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે આ પ્રકારની આરોગ્ય તપાસમાં જોવા મળેલ જન્મજાત હૃદય રોગ, થેલેસેમીયા જેવા જીવલેણ રોગોની સફળતાપૂર્વક સારવાર પુરી કરવામાં આવી હતી.

### રોગચાળો માથુ ઊંચકે તે પહેલા

## સાવરકુંલા શહેરમાં વરસાદી માહોલમાં સફાઈ કરી દવાનો છંટકાવ કરવો જરૂરી

### નગરસેવકે પાલિકા પ્રમુખને રજુઆત કરી

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા શહેરી વિસ્તાર વોર્ડ નંબર ૬ના વિસ્તારોમાં સાંજ ઢળે ત્યાં જ મચ્છરોનું આક્રમણ શરૂ થઈ જાય છે. પરીણામે રાત્રે લોકો પોતાના ઘરમાં નિરાંતે ઉંઘ પણ માણી શકતા નથી અને મચ્છરનો ઉપદ્રવ વધતા વિસ્તારના લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. જેથી (૧) વિધુતનગર સામેની વસાહત (૨) વિધુતનગર અને નાનાબાપુ જેબલીયા માર્ગ (૩) ગાયત્રી સોસાયટી અને ગાયત્રીની બાજુનો પછાત વિસ્તાર (૪) શિવમ પાર્ક (૫) આનંદ પાર્ક અને આનંદ પાર્કની બાજુનો પછાત વિસ્તાર (૬) દેવીપૂજક વિસ્તાર (૭) વેલનાથપરા તેમજ રવાણીભાઈની વાડી પાસેનો વિસ્તાર (૮) એશીયાડ સોસાયટી (૯) અંબિકા સોસાયટી અને નદી કાંઠાનો પછાત વિસ્તાર (૧૦) યોગેશ્વર સોસાયટી (૧૧) ઈન્દિરા વસાહત (૧૨) ખાણ વિસ્તાર (૧૩) ફ્રેન્ડ સોસાયટી (૧૪) ભાવના સોસાયટી તેમજ બાજુનો પછાત વિસ્તાર (૧૫) ગુજ. હા. બોર્ડ અને ગુરૂકુળ રોડ તેમજ કોલેજની બાજુનો ઢોરાવાળો વિસ્તાર (૧૬) કર્મચારી સોસાયટી (૧૭) ગાંધી સોસાયટી (૧૮) બીડીકામદાર સોસાયટી અને તાલુકા શાળાવાળો રોડ વિસ્તારોમાં વરસાદી ઋતુને કારણે મચ્છર જન્ય રોગચાળો ન ફેલાય અને લોકોના આરોગ્યને ધ્યાને લઈ ઉપરોક્ત વિસ્તારોમાં ફોગીંગની ઝુંબેશ શરૂ કરવા અને પ્રવાહી દવા અને ડીડીટીનો છંટકાવ કરવા કોર્પોરેટર એ જણાવ્યું હતું.

# અમરેલી : ગજેરા કેમ્પ સંચાલિત જ્ઞાનશકિત શાળા દ્વારા વસ્તી નિયંત્રણ માટે જનજાગૃતિ રેલી યોજાઈ



અમરેલી, તારીખ ૧૧ જુલાઈ ૨૦૨૫ના દિવસે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ ૧ અને ૨ના વિદ્યાર્થીઓ દ્વારા 'આંતરરાષ્ટ્રીય વસ્તી દિવસ' નિમિતે વસ્તી નિયંત્રણ અને તેના મહત્વ અંગે જન જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી એક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીનું શુભારંભ ધ્વજ વંદન સાથે થયું. તેમાં ૧૦૦૦ વધુ વિદ્યાર્થીઓએ પ્લેકાર્ડ, બેનરો અને નારા દ્વારા વસ્તી વૃદ્ધિથી ઊભા થતા સમસ્યાઓ તેમજ વસ્તી નિયંત્રણના લાભોની માહિતી જાહેરમાં આપી હતી. વિદ્યાર્થીઓએ વિચારો સંયમ – લાવો પરિવર્તન, નિયંત્રિત વસ્તી સુંદર ભવિષ્ય જેવા નારા લગાવી લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો. રેલી શહેરના મુખ્ય માર્ગો અને જાહેર સ્થળો પરથી પસાર થઈ હતી જેથી વધુને વધુ લોકોને સંદેશો પ્રાપ્ત થઈ શકે. આ આયોજનનો મુખ્ય હેતુ સમાજમાં વસ્તી નિયંત્રણ અંગે સકારાત્મક દષ્ટિકોણ વિકસાવવો અને આગામી પેઢીને જવાબદારીભર્યા નાગરિક બનાવવાનો છે. જ્ઞાનશકિત શાળાનાં ધોરણ ૬/૭/૮નાં તમામ વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેની થીમ હતી 'વિ વસ્તી દિવસ' જેવી કે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા વગેરે આ સ્પર્ધામાં કુલ ૨૩૦ જેટલાં વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ આનંદ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાસાભા સંસ્થાનાં મંત્રી ચતુરભાઈ ખુંટ, સંસ્થાના ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ દિવસે કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા વિષય અનુરૂપ ખાસ ઉદ્‌બોધન આપી જન જાગૃતિ વસ્તી દિવસ વિશે બીજા ઘણાં બધા પ્રશ્નોનાં જવાબ આપી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતાં. ત્યારબાદ આ મહારેલીને લીલી ઝંડી આપી રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. 'આંતરરાષ્ટ્રીય વસ્તી દિવસ' જન જાગૃતિ ફેલાવવા રેલીને સફળ બનાવવા માટે તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા જહેમત ઉઠાવાવમાં આવી હતી.

## રાજયનાં તમામ પુલનાં ફિટનેસ રીપોર્ટ જાહેર કરીને

# રાજયનાં ભયજનક પુલો પરનો વાહન વ્યવહાર બંધ કરાવો : અમિત ચાવડા

### ગંભીર પુલ હોનારતનાં મૃતકનાં પરિવારજનોને ૨૫ લાખ રૂપિયાની સહાય આપો

ગાંધીનગર, તા. ૧૧

આજરોજ વિધાનસભા ખાતે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં કમીશનવાળી સરકારમાં કોઈપણ ગુજરાતીના જીવની કોઈ કિંમતના હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. ખુબ દુઃખ સાથે કહેવું પડે છે કે જનતાના ટેક્ષના પૈસાથી ચાલતી સરકારના શાસનકાળમાં છેલ્લા થોડા જ વર્ષમાં રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડ, મોરબી બ્રીજ તુટયો, વડોદરા હોડી દુર્ઘટના, સુરતમાં તક્ષશિલાકાંડ અને છેલ્લે ગંભીરાનો બ્રીજ તુટયો જેમાં ૧૮ કરતા વધુના જીવ ગયા. ગુજરાતમાં થોડા વર્ષોનો અભ્યાસ કરીએ તો સરકારની ગુન્હાઈત બેદરકારીને કારણે અકસ્માત થાય છે અને મોટી સંખ્યામાં લોકોના જીવ જાય છે. સરકારના કમીશન રાજમાં ગુજરાતીઓના જીવની કોઈ કિંમત જ ના હોય એવી બેદરકારી સરકાર દ્વારા દાખવવામાં આવે છે. ખુબ જ અસંવેદનશીલતા સાથે રાજયના શાસકો આવી દુર્ઘટના, હોનારતો પછી શીખ લેવાને બદલે, ફરીવાર આવી દુર્ઘટનાઓ, હોનારત ના થાય તે માટે આગોતરા પગલા લેવાને બદલે ટવીટ કે સંદેશાઓ પાઠવી પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી દેતા હોય છે.



વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં ગુજરાતીઓ સલામત નથી, ભગવાન ભરોસે હોય તેવી સ્થિતિ છે. પ્રજાના ટેક્ષના પૈસાથી સરકારનું બજેટ બને, એમાંથી પુલ, રસ્તા કે બીજા વિકાસના કામો થાય, પરંતુ એની સલામતી, જાળવણી, યોગ્ય ગુણવત્તાયુકત કામો થાય એ જોવાની સંપૂર્ણ જવાબદારી સત્તામાં બેઠેલા લોકોની છે. બ્રીજ સલામત છે કે કેમ ? ભયજનક છે કે કેમ? એની ચકાસણી કોઈ સામાન્ય માણસ કયાંથી કરવાનો અને કયાંથી સેફટી સર્ટીફીકેટ લેવા જવાનો કે બ્રીજ પરથી પસાર થાય ત્યારે અકસ્માત નહિ થાય, દુર્ઘટના નહિ ઘટે, મારો જીવ નહિ જાય એ તો સરકારના ભરોસે છે પણ સરકાર જાહેરાત કરે કે દર ચોમાસા પહેલા જેટલા બ્રીજ કે સ્ટ્રકચર છે તેની કાર્યપાલક ઈજનેર કે અધિક્ષક ઈજનેર દ્વારા ચકાસણી કરવામાં આવશે. નામદાર હાઈકોર્ટમાં પણ મોરબીના બ્રીજ પછી સુઓમોટો કેસ ચાલ્યો ત્યારે પણ સરકારે કહ્યું હતું કે અમે ગુજરાતના બધા જ બ્રીજોની ચકાસણી કરી છે બધા જ બ્રીજો સલામત છે કોઈ ભયજનક નથી. છતાં ગંભીરાનો બ્રીજ ભયજનક છે તેવી જાહેરાત કેમ ના કરી? શા માટે લોકોની અવર-જવર માટે બ્રીજ બંધ ના કરવામાં આવ્યો?

વધુમાં જણાવ્યું કે, અમારી પાસે લેખિત પુરાવાઓ છે કે વડોદરા જીલ્લા પંચાયતના સભ્ય દ્વારા ત્યાના કલેકટર, કાર્યપાલક ઈજનેરને ૨૦૨૨થી પત્ર

### પુલનાં ઉદ્‌ઘાટન પ્રસંગે ફોટા પડાવતાં અને ભાષણો કરતાં સત્તાધીશો પુલ તૂટે ત્યારે જવાબદારી સ્વીકારે

લખવામાં આવ્યો છે કે આ બ્રિજ પર ભારે વાહનો જાય ત્યારે આખા બ્રિજમાં ધ્રુજારી થાય છે, બ્રીજ ભયજનક છે, લોકોના અવર-જવર માટે બંધ કરવો જોઈએ અને નવો બનાવવો જોઈએ. આવી જ રીતે વખતોવખત રજૂઆત કરવામાં આવી છે કે આ બ્રીજ બિસ્માર હાલતમાં છે, તાત્કાલિક રીપેરીંગ કરવામાં આવે. જયારે મોરબીનો બ્રીજ અને અન્ય હોનારતો થઈ ત્યારે પણ કોંગ્રેસ પક્ષ તરફથી લેખિતમાં, પ્રેસ કોન્ફરન્સ કરીને સરકાર પાસે જાહેરમાં માંગણી કરી હતી કે ગુજરાતમાં જેટલા પણ બ્રીજ કે સ્ટ્રકચર છે જેના પણ લોકોની-વાહનોની અવર-જવર છે એ તમામના ફિટનેસ સર્ટીફીકેટની ચકાસણી કરીને ઉપયોગ કરવાલાયક છે કે કેમ, ભયજનક છે કે કેમ એને પબ્લિક ડોમેઈન પર, વેબસાઈટ પર કે લોકો સમક્ષ મુકવામાં આવે જેથી આવી હોનારતો અટકાવી શકાય. આજે બે વર્ષનો સમય થઈ ગયો પણ સરકારના પેટનું પાણી હાલતું નથી અને સરકારે કોઈપણ જાતની કાર્યવાહી કરી નથી જેના કારણે ગંભીરા બ્રિજની હોનારત થઈ નવમી તારીખે સવારે સાત વાગે જયારે આ હોનારત થઈ.

વધુમાં જણાવ્યું કે, હું ત્યાના સ્થાનિક લોકો, માછીમારોને હું અભિનંદન આપું છે કે સરકારી ટેકનોલોજી કે કોઈની રાહ જોયા વગર વધારેમાં વધારે લોકોને બચાવવાની, મૃતદેહો શોધવા માટે મહેનત કરીને સેવાઓ કરી. જયારે જયારે દુર્ઘટનાઓ થાય છે ત્યારે નાના કર્મચારીઓ-અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવે છે. શા માટે ૨૦૨૨-૨૦૨૩ની રજુઆતોને ધ્યાનમાં રાખીને આગોતરૂં કોઈ આયોજન ના થયુ, શા માટે બ્રીજ બંધ ના કરવામાં આવ્યો. એટલે કહેવું પડે કે સરકારની ગુન્હાઈત બેદરકારીને કારણે આ હોનારત થઈ અને ૧૮ લોકોના જીવ ગયા છે. એટલે જવાબદારી ફીક્ષ કરવી હોય તો નાના કર્મચારીઓ-અધિકારીઓને બદલે જે મુખ્યમંત્રી, મંત્રી કે ગાંધીનગરમાં બેઠેલા અધિકારીઓ બ્રિજનું ઉદ્‌ઘાટન કરવા જાય ત્યારે ફોટા પડાવે છે, ભાષણો કરે છે, વાહવાહી લે છે. તો આ દુર્ઘટના થઈ તેની જવાબદારી કેમ નથી લેતા ? વાહવાહી લેવી હોય, ફોટા પડાવવા હોય, જાહેરાતો કરવી હોય તો તમારી બેદરકારીને કારણે દુર્ઘટના થાય તો જવાબદારી લેવાની પણ તૈયારી રાખો.

વધુમાં જણાવ્યું કે, આજે ગુજરાતમાં માર્ગ મકાન વિભાગ મુખ્યમંત્રી હસ્તક છે રાજયમાં રોડ બને છે પણ પહેલા જ વરસાદમાં ખાડા, ભુવા પડે છે. કમીશન કમલમમાં જાય છે તે જગજાહેર છે. નવ વર્ષમાં ૨૧ જેટલા બ્રીજ તૂટે છે, અનેક લોકોના જીવ જાય છે તો જવાબદારી મુખ્યમંત્રીની નથી? ખાલી મૃદુતા બતાવીએ પણ આ હોનારતો રોકવા માટેની કોઈ મક્કમતા કયારે બતાવશો? જવાબદારી કયારે સ્વીકારશો ? તે આજે ગુજરાતની પ્રજા પુછે છે અને આજે સરકાર પાસે માંગણી કરીએ છીએ કે હજુ પણ મેં આજે જોયું કે કેટલીક ચેનલ દ્વારા અને સમાચાર પત્રો દ્વારા એક ઝુંબેશ ચાલવામાં આવી છે કે અનેક જગ્યા આજે પણ જર્જરિત, ભયજનક હાલતમા બ્રીજ છે, નાળાઓ છે જેના પરથી મોટા પ્રમાણમાં વાહનો, લોકોની અવરજવર થાય છે હજી પણ મોટી દુર્ઘટનાઓ બને તેવી શકયતા છે તેવી ના બને તેવી સરકારે

### માર્ગ-મકાન વિભાગનો હવાલો મુખ્યમંત્રી પાસે હોય મૃદુતા છોડી ભ્રષ્ટાચાર રોકો

તો કોઈ કાર્યવાહી ના કરી પણ આજે મજબુત સ્તંભ તરીકે મીડિયાના મિત્રો એ કાર્યવાહી અને કામ કરી રહ્યા છે. ત્યારે સરકાર પાસે માંગણી કરીએ છે કે સરકારની માર્ગદર્શિકા મુજબ દર ચોમાસા પહેલા તમામ આવા સ્ટ્રકચરો, બાંધકામોની તપાસ કરી એનો રીપોર્ટ જાહેર કરવાનો થાય છે તો તમે આ ગંભીરા બ્રીજ માટેની કયારે ચકાસણી કરેલ તેનો રીપોર્ટ જાહેર કરો એની માહિતી લોકોને આપો અને સાથે સાથે રાજયમાં જેટલા પણ બ્રીજ અને સ્ટ્રકચર છે તે તમામની ચકાસણી કયારે કરવામાં આવી એનો વિગતવાર રીપોર્ટ પબ્લિક ડોમેનમા તાત્કાલિક મુકો એટલે સૌને ખબર પડે કે આ બ્રીજ પર જવાથી જીવનું જોખમ છે. આજે ગંભીરાનો બ્રીજ તુટયો અને ૧૮ જેટલા લોકોના મોત થયા, કોઈ સહાય આપવાથી પરિવારનો મોભી કે દીપક પાછો આવવાનો નથી પણ આ દુઃખ અને તકલીફના સમયમાં સરકાર મદદ કરે તો તે પરિવારના બાળકોના ભવિષ્યમાં મદદ મળે છે ત્યારે સરકાર પાસે માંગણી કરીએ છીએ કે જેટલા પણ લોકો આ દુર્ઘટનાના મૃતકોના પરિવારજનોને તાત્કાલિક ૨૫ લાખ રૂપિયાની સહાય જાહેર કરે અને નાના અધિકારીઓ, કર્મચારીઓને બદલે આ દુર્ઘટનાની જવાબદારી ગાંધીનગર કક્ષાએ જેની પણ થાય છે તે મુખ્યમંત્રી, મંત્રી, સચિવ કે અધિકારીઓ હોય તેની સામે પણ તપાસ કરીને તેમની જવાબદારીઓ સુનિશ્ચિત કરવી જોઈએ.

વધુમાં જણાવ્યું કે, આ ગંભીરા બ્રીજ એ આણંદ- વડોદરાને

### રાજય સરકારનાં રાજમાં કમિશન રાજને લીધે ગુજરાતીઓનાં જીવની કોઈ કિંમત રહી નથી

જોડતો મુખ્ય બ્રીજ છે જેનો ઉપયોગ ખેડૂતો, નોકરીયાત, કામદારો પ્રતિદિન ઉપયોગ કરે છે પરંતુ બ્રીજ તૂટી જવાને કારણે લોકોને ૩૦-૪૦ કિલોમીટર વધુ ફરીને જવું પડે છે અને લગભગ ૩ થી ૪ કલાક જેટલો સમય વધી જાય છે. તો તાત્કાલિક સરકાર ત્યાં નવો બ્રીજ બનાવવાની જાહેરાત કરે તેવી ત્યાના લોકો વતી વિનંતી સાથે માંગણી કરૂં છું અને ત્યાં સુધી જે વૈકલ્પિક રસ્તાઓ છે તે પણ પુરતી સુવિધા સાથે કાર્યરત રહે તેવી માંગ અંતમાં કરેલ છે.




**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ખુશ ખબર સારા સમાચાર TATA AIA LIFE INSURANCE ખુશ ખબર સારા સમાચાર ખુશ ખબર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦







**સ્વ. ડો. હિતેશ શાહની.....**
શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો.કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
- કાનમાંથી નિકળતી રસી,ફુગ,મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન - કાનની બુહનું ઓપરેશન
- એલર્જી, ચકકર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન

સમય : સવારે ૧૦ થી ૧,સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ,અમરેલી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭




જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

**ગૌરીવ્રત તેમજ જયાપાર્વતી વ્રત નિમિતે**
મોળી વેફર્સ
બટેટા વેફર્સ - કેળા વેફર્સ - મોળો ફરાળી ચેવડો
સ્પે.માવાના પેંડા (જાયફળવાળા)
ટોપરાપાક - શીંગપાક
તેમજ વિવિધ ચટપટુ ફરસાણ તો ખરૂજ...
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫




# ઉંદરોની ઉસ્તાદી

ગામના બધા ઉંદરો મીનુ બિલાડીથી ખૂબ પરેશાન હતા. કેટલાય ઉંદરડા રોજ તેનો કોળિયો બની જતા હતા. તે એટલા ધીમા પગલે આવતી કે કોઈને તેના આવવાની ગંધ સુદ્ધાં નહોતી આવતી. હવે તો પરિસ્થિતિ એટલી કફોડી બની હતી કે ઉંદરો તેમના દરમાંથી બહાર નીકળી શકતા નહોતા.

એકવાર બધા ઉંદરોએ ભેગા મળીને સભાનું આયોજન કર્યુ. મોટુ ઉંદરને પ્રમુખ બનાવાયો.

એટલામાં ગટુ બોલ્યો, ‘ ‘મિત્રો, મીનુએ આપણું જીવવું હરામ કરી દીધું છે. તેના ભયથી આપણે રાત–દિવસ સંતાઈને ફરીએ છીએ. આપણાં બાળકોને પણ દરમાંથી બહાર નીકળવા દેતાં નથી. આમ, ડરી ડરીને આપણે કયાં સુધી જીવીશું ?’’



‘‘જુઓ, આ સભા આપણે આપણાં રોદણાં રડવાં માટે નથી ભરી. આજે આપણે કોઈ એવો આખરી ફેંસલો કરવો છે, જેથી મીનુથી છૂટકારો મેળવી શકાય.’’ પ્રમુખ મોટુએ સલાહ આપી તો ચિન્ટુ બોલી ઊઠ્યો, ‘‘મીનુને આપણી ગંધ ખૂબ દૂરથી આવી જાય છે, જેથી તે આપણને સૂતેલા જ હોઈયાં કરી જાય છે. આપણે શરીર ઉપર અત્તર લગાવવાનું શરૂ કરીએ તો કેવું ? આથી બિલાડી આપણી પાસે પહોંચી નહીં શકે.’’

‘‘તારી યુકિત ખોટી નથી, પરંતુ આપણે આ યુકિથી સંપૂર્ણપણે સુરક્ષિત રહી શકીશું નહી. બિલાડીને આપણા દરની ખબર છે જ. જો નવી જગ્યાએ રહેવા જઈશું, તો ત્યાં પણ તે આવી પહોંચશે. આપણે તો કોઈ એવો ઉપાય વિચારવાનો છે, જેથી આપણા મનમાંથી બિલાડીનો ડર હંમેશને માટે ચાલ્યો જાય.’’ એક ઘરડા ઉંદરે કહ્યું.

‘‘મારા ખ્યાલથી તો આપણે પૂર્વજોએ જે યુકિત અપનાવવાનો વિચાર કર્યો હતો, તે જ અપનાવવી જોઈએ.’’ આ વખતે ટમકુએ પોતાની વાત જણાવી.

‘‘કઈ..... કઈ યુકિત ?’’ કેટલાય ઉંદરો એક સાથે બોલી ઊઠયા.

‘‘અરે તે જ, બિલાડીના ગળે ઘંટડી બાંધવાની યુકિત ! તે આપણી નજીક આવે ત્યાં સુધીમાં આપણે સાવધાન તો થઈ શકીએ.

‘‘તને કદાચ ખ્યાલ નથી કે આપણા પૂર્વજો તેમ કરી શક્યા નહોતા.’’ ગુલ્લુએ હોશિયારી બતાવવા કહ્યું, તો ટમકુ બોલ્યો, ‘‘તેની ચિંતા તું ના કરીશ. તેની વ્યવસ્થા મેં કરી દીધી છે .’’

ટમકુની વાત સાંભળીને બધા ઉંદરો આશાભરી નજરે તેની સામે જોવા લાગ્યા. એટલામાં ટમકુએ પ્રમુખ મોટુને કહ્યું, ‘‘આપણને બધાને ખબર છે કે, મીનુ બિલાડીને દૂધ બહુ ભાવે છે. તેના આ શોખનો આપણે ફાયદો ઊઠાવવાનો છે.’’

આમ કહીને ટમકુએ પોતાના થેલામાંથી માટીનું પહોળું વાસણ અને એક બોટલ કાઢ્યાં, બોટલમાંનું દૂધ તેણે વાસણમાં રેડી દીધું, પછી તેણે ખિસ્સામાંથી એક નાની પડીકી કાઢી અને તેમાંથી થોડો સફેદ પાવડર દૂધમાં ભેળવી દીધો.

‘‘ચાલો, હવે આપણે દૂર બેસીને શું થાય છે તે જોઈએ.’’ ટમકુએ કહ્યું. ત્યાં તો ભીમુ બોલ્યો, ‘‘ભાઈ, તમે દૂધમાં શું ભેળવ્યું હતું ? ઝેર તો નહોતું ને ? તે પીધા પછીમીનુ મરી જશે તો ?’’

‘‘પોતાના દુશ્મન પ્રત્યે પણ તને કેટલો પ્રેમ છે ? ભીમુ, ખરેખર મને તારા પર ગર્વ થાય છે. હું પણ બિલાડીને મારી નાખવા નથી ઈચ્છતો માટે જ મેં ઊંઘ આવી જાય તેવો પાવડર દૂધમાં ભેળવ્યો છે. આ દરમ્યાન આપણે તેના ગળામાં ઘંટડી બાંધી દઈશું.’’

‘‘વાહ, સરસ યુકિત ઘડી છે,’’ બધા ઉંદરડા ખુશીથી ઝૂમી ઊઠયા. તેઓ આનંદમાં ગુલતાન હતાં, ત્યાં જ સામેથી મીનુ આવતી દેખાઈ. તેને જોઈને બધા ઉંદરડા ગભરાઈ ગયા અને ચૂપચાપ બેસી ગયા.

દૂધથી ભરેલું વાસણ જોઈને મીનુ કશું જોયા–જાણ્યા વિના જ તે પીવા લાગી. થોડી જ વારમાં તેને ઊંઘ આવી ગઈ, એટલે ટમકુએ પોતાના ખિસ્સામાંથી તારમાં પરોવેલી ઘંટડી કાઢી અને દૂરથી જ નિશાન તાકીને તેના ગળામાં ભરાવી દીધી.

બધા ઉંદરો ખુશ હતા એટલામાં મોટુ બોલ્યો, ‘‘હવે મીનુ ક્યારેય સંતાઈને આપણી ઉપર હુમલો નહીં કરી શકે. તે આપણી નજીક આવશે કે તરત જ ઘંટડીનો અવાજ સાંભળીને આપણે ભાગી જઈશું.’’

આમ, જયારે બધા ઉંદરો નાચ–ગાનમાં તલ્લીન હતા, ત્યાં જ અચાનક ઘંટડીનો અવાજ સંભળાયો.

‘‘ભાગો.... ભાગો.... મીનુ જાગી ગઈ છે.’’ મોટુએ કહ્યું, એટલે બધા ઉંદરોએ તેમના દર ભણી દોટ મૂકી.

મીનુ સમજી શકતી નહોતી કે તેના ગળામાં ઘંટડી કોણે બાંધી, પરંતુ તેના મધુર રણકારથીતે ખૂબ ખુશ હતી. એ બિચારી કેવી રીતે જાણી શકે કે આ ઉંદરોએ તેની સાથે કેટલી મોટી છેતરપિંડી કરી હતી !

# ભૂંકો નહિ, બેસો ! (હસવાની મનાઈ)


ચુનીલાલ બસમાં ચડ્યો. બધી બેઠકો પર બબ્બે માણસો હતા. ફકત એક સીટ ઉપર એક જ જણ બેઠો હતો, પણ એ ખૂબ જાડો હતો. ચુનીએ ચીડથી કહ્યું, શું આ આખી સીટ હાથીઓ માટે રિઝર્વ છે ? ‘ના, ના.’ જાડિયાભાઈએ ખસીને જગા કરતાં કહ્યું, ‘ગધેડા પણ આવી શકે છે – ભૂંકતા ભૂંકતા.’ત્યારે હશે !

એક ગોકળગાય શ્રાવણ મહિનામાં જામફળના ઝાડ ઉપર ચડી રહીહતી. ઝાડની એક ડાળી ઉપર બેઠેલા કાગડાએ કહ્યું, ‘‘મૂરખી ! તું નકામી ઝાડ ઉપર ચડવાની મહેનત કરે છે. ઉપર એકેય જામફળ નથી.’’ ‘‘મને ખબર છે, મારા વીરા,’’ ગોકળ ગાયે ઠાવકાઈથી કહ્યું. ‘‘પણ હું ડાળીએ પહોંચીશ ત્યારે જામફળ હશે.’’

હોશિયાર ? એ તો હું જ !‘‘ મારો કૂતરો શતરંજ રમે છે, બોલો.’’‘ ‘કૂતરો શતરંજ રમે છે ! ઘણો હોશિયાર કૂતરો હોવો જોઈએ.’’ ‘ ‘ના, રે ! પાંચ રમતો રમીએ તેમાં ત્રણ વાર તો હું એને હરાવી દઉં છું.’’

મને મૂરખો માને છે ?આરોપી દાદુની ધરપકડ કરીને જમાદાર જગદેવ એને હવાલાત ભણી લઈ જઈ રહ્યો હતો. એટલામાં સખત પવન આવ્યો. જગદેવની ટોપી ઊડી ગઈ. દાદુએ આફર કરી, ‘‘જમાદાર ! લઈ આવું ટોપી ?’’ જગદેવે ડોળા ફાડીને કહ્યું, ‘‘મને તું મૂરખ સમજે છે ? ઊભો રહે અહીં ! ટોપી હું લઈ આવું છું.’’


# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



બાળએક્સપ્રેસ સંપાદક

(પ્રિન્સીપાલશ્રી : રવજીભાઈ કાચા સાહેબ)

# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. વૃધ્ધાવસ્થામાં પ્રાણ બહુ અકળાય છે.

૨. ઘરમાં મતભેદ થાય ત્યારે તીર્થયાત્રા કરવા નીકળી પડો.

૩. ગરીબ થવું એ ગુન્હો નથી, ગરીબીમાં ભગવાનને ભૂલી જવા એ ગુન્હો છે પાપ છે.

૪. જે એકલો ખાય છે તે દરિદ્રી થાય છે.

૫. જગતની ખુશામત કરશો તો તે શું આપે ? માટે ખુશામત કરવી હોય તો ભગવાનની જ કરવી.

૬. મરતાં પહેલાં વાસનાનો ત્યાગ કરો, વેરનો ત્યાગ કરો, પૂનર્જન્મનું કારણ વાસના છે.

૭. મૃત્યુનું ચિંતન માનવી રોજ કરે તો પાપ કરવાની માનવીને ઈચ્છા જ નહીં થાય.

૮. પ્રતિક્ષણને સુધારે તેનું મરણ સુધરે છે.

૯. ઈચ્છા ભકિતમાં વિઘ્ન કરનારી છે.

૧૦. ભોજન જેનું સારૂં ન હશે તેનું ભજન સારૂ નહીં થાય.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) ગાંધીજીએ ભારતમાં સૌપ્રથમ કયા સ્થળે સફર સત્યાગ્રહ કર્યો ? – ચંપારણ (બિહાર)

(૨) ગાંધીજીનો જન્મ કયા થયો હતો ? – પોરબંદર

(૩) ગાંધીજીએ ‘અન્ટુ ધ લાસ્ટ’ પુસ્તકનો તરજેબો કરી તેને કયું નામ આપ્યું હતું ? – સર્વોદય

(૪) ગાંધીજીના સત્યાગ્રહના બે મુખ્ય પાસા કયા હતા ? – સત્ય–અહિંસા

(૫) ગાંધીજીએ સત્યાગ્રહની કઈ લડત દરમિયાન બ્રિટનની સરકારે આપેલ ‘કેસર એ હિંદ’નો ઈકબાલ પાછો સોપી દીધો ? – અસહકારની ચળવળ

(૬) ભારતમાં ખિલાફત આંદોલન કઈ સાલમાં થયું ? – ૧૯૧૯

(૭) ભારતમાં ખિલાફત આંદોલન કોને શરૂ કર્યુ ? – અલી ભાઈઓએ

(૮) ‘ગદર પાર્ટી’ના સ્થાપક કોણ હતા ? – લાલા હરદયાળ

(૯) ૧૯૪૬ની વચગાળાની સરકારમાં ગૃહમંત્રી કોણ હતું ? – સરદાર પટેલ

(૧૦) કયા ગ્રંથ માટે ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરને નોબેલ ઈનામ મળ્યું હતું ? – ગીતાજંલી

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## લીસોટા ગયા અને સર્પ રહ્યા

પ્રાચીન ભારતવર્ષનો કલાનો અને સર્વક્ષેત્રીય જ્ઞાનનો ખજાનો વિસ્મય પમાડે તેવો વિરાટ અને ભવ્ય છે. માનવ – સમાજ – જીવનના પ્રત્યેક ક્ષેત્રને આવરી લેતા ગ્રંથો અહીં સર્જાયા. વિશ્વભરની પ્રજાઓ મસ્તક નમાવે તેવા આધ્યાત્મિક પુરૂષો, પ્રકાંડ જ્ઞાનીઓ, પ્રબુધ્ધ પંડિતો, સર્વોત્તમ સાહિત્યકારો, વિરલ વૈજ્ઞાનિકો, માનવતાના અખંડ ઉપાસકો આ ભૂમિમાં ઉગ્યા, પાંગર્યા, આથમ્યા. આ રાષ્ટ્રની વર્તમાન પેઢી આના વિશે કંઈપણ જાણ્યા – સમજયા વિના પરદેશી સંસ્કૃતિના ગંદવાડને ઉત્તમ ગણી, જીવનનો આદર્શ માની, અપનાવે ત્યારે કહેવાનું મન થાય – ‘લીસોટા ગયા અને સર્પ રહ્યા !’

# પ્રયોગ – ૫૩
## જળ ઊર્જાની સમજ

હેતુ : જળ ઉર્જાનો ઉપયોગ સમજવો.

સાધન : પ્લાસ્ટિકનું ગોળકાર ઢાંકણ સ્ટ્રો ચપ્પુ પન્સિલ દરજીની મેજર ટેપ

રીત: સૌ પ્રથમ પન્સિલ અને દરજીની મેજર ટેપ વડે પ્લાસ્ટીકના ઢાંકણા પર ભોક્કસ અંતરે નિશાન કરી દો. ચપ્પુ વડે નિશાન કરેલી જગ્યાએ આકૃતિમાં બતાવ્યા અનુસાર કાપા પાડો. કાપેલો ભાગ બહારની તરફ રહે એ રીતે વાળી દો એટલે ચકના દાતા તૈયાર થશે. આ ચકની બરાબર વચ્ચેના ભાગમાં ચપ્પુ વડે સ્ટ્રોના માપનું કાણું પાડી તેમાં સળિયા ભરાવી દો. પાણીની ટાંકી સાથે જોડાયેલા નળને ચાલુ કરી તેમાંથી પડતું પાણી ચકના દાંતા પર પડે તે રીતે તેને રાખો.


અવલોકન આ ચમને પાણીની ધાર નીચે રાખતાં તે ગોળ ગોળ ફરે છે.

તારણ વહેતા કે ઊંચાઈ પર રહેલા પાણીમાં રહેલી કાર્ય કરવાથી ક્ષમતાને જળ ઊર્જા કહે છે.

નોંધ ચક ફરવા માટે જરૂરી ઊર્જા વહેતા પાણીમાં રહેલી ગતિ ઊર્જા છે.

## પ્રયોગની પાંખે
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવત પારેખ





# અદેશ્ય સબમરીન ભાગ–૩



## સુજલની સાહસકથા
નલિન મહેતા
પ્રકાશક : ભદ્રા મહેતા

‘‘કદાચ કેપ્ટન સાહેબને મારૂ આમ સીધેસીધું મળવા આવવાનું ના પણ રૂચે,’’ મેં વાંધો રજૂ કરતાં કહ્યું, ‘‘ખાસ કરીને જયારે એમને અંકલનો મેસેજ નથી મળ્યો ત્યારે. એટલે જો તમે મને રસ્તામાં કોઈ હોટેલમાં ઉતારી દો તો...’’‘‘આપણે તો શહેરથી ઊંધી દિશામાં જઈ રહ્યા છીએ, મહેરબાન, અહીં વળી હોટેલ કેવી ? પણ તમે નાહક પરેશાન થાઓ છો. કેપ્ટન નીનો બહુ સરળ માણસ છે. ખરૂ પૂછો તો એ સબમરીનમાં ગોંધાઈને કંટાળી ગયા છે અને અમને લોકોને તેની સોંપણી કરી મહેલીસ્તાનમાં મોજમસ્તી કરવા ઉત્સુક છે. એટલે તો એણે તમારી શર્ત પ્રમાણે રવિવારે સવારે ભારતીય નૌકાદળ ને ઉડાવી દેવાની બધી તૈયારી કરી રાખી છે – બાકી અમે કાંઈ ભારતના દુશ્મન થોડા છીએ ?’’મોન્ટુ મોશાયના સંભાષણ દરમ્યાન જીપ એક ખાબડખૂબડ રસ્તો પસાર કરી ગીચ જંગલમાંથી માર્ગ કાપી રહી હતી. મને તેમની ઘણી વાતો બરાબર સમજાતી નહોતી, પરંતુ હવે વિચારનો નહિ પણ વર્તનનો સમય નજદીક આવતો હતો એટલુંહું ચોક્કસ સમજયો.ત્રણેક કલાકના દુર્ગમ પ્રવાસ પછી અમારી જીપ એક નાનકડી ટેકરી પાસે આવી ઊભી રહી. ટેકરીની બીજી તરફ સમુદ્રનો ઘુઘવાટ સ્પષ્ટ સંભળાતો હતો. ઉપર ચડતાં તેમાં પવનનો સુસવાટ ઉમેરામો અને સૂર્યાસ્તનું સ્વાગત કરવાની તૈયારીમાં વ્યસ્તસાગરનું સેંદર્ય જોવામાં હું મગ્ન બન્યો.એકાએક મારી સમક્ષ એક અલૌકિક દશ્ય ખડું થયું. પાંચેક ફૂટની દૂરી પર, જળસપાટીથી થોડે ઊંચેનો ભાગ ઝળહળી ઊઠયો, અને પછી તેમાં બે પુરૂષોના પહેલા માથાં અને ત્યારબાદ ધડ પ્રગટયાં. તેમાંનો એક બાજુમાં આવેલ સ્વીચ દબાવતો જણાવ્યો અને તે સાથે જ સરસરાટ કરતી એક સીડી ટેકરી પર ગોઠવાઈ.કોઈ જાદુગરે અપ્રધર ટેલિવિઝનનો પરદો ગોઠવી તેમાંથી આકૃતિઓ અને પદાર્થો ઉત્પન્ન કરે તેવી કરામત જોતાં મેં ભયમિશ્રિત આશ્ચર્યની લાગણી અનુભવી. મોન્ટુ મોશાય બોલ્યા : ‘ ‘અદશ્ય સબમરીન પહેલીવાર જોતાં બધાં તમારી જેમ મંત્રમુગ્ધ બની જાય છે !’’પછી તેમણે બેબસનના ભત્રીજા તરીકે મારી ઓળખાણ અધ્ધર લટકતી સીડીના પગથિયા ઉતરીને આવેલ કેપ્ટન નીનો અને તેના જોડીદાર બેન લિ સાથે કરાવી, અને મેં તેને કહેલ બેબસનની વાતો દોહરાવી. મારા ધાર્યા કરતાં વધુ સહેલાઈથી કેપ્ટન નીનોએ તેનો સ્વીકાર કર્યો : ‘‘કશો વાંધો નહિ – એ તો વહેવારની વાત છે. એમાં રવિવાર પહેલાં તો હું પણ તમને સબમરીન સોંપી શકું તેમ નથી.’’મેં ‘‘અંકલ’’ બેબસનના અડિયલ વર્તાવ બદલ માફી માગતા જણાવ્યું : ‘‘તમારી આ સબમરીન અજબગજબની છે તે વિષે બે મત ના હોઈ શકે, પણ અમારા ધંધામાં કેટલીક ઉપયોગી નીવડે એતો અંદરથી ચકાસ્યા બાદ કહી શકાય, બાકી સોના અને પાસપોર્ટ બાબત નિશ્ચિંત રહેજો– જેવી હું હા પાડીશ કે તેઓ હાજર થઈ જશે!’’‘‘તમે એમ કરો. અમે અત્યારે જયાં આપણે પેલે દિવસે નૌકાદળનો ખાતમો બોલવવાનો છે તે સાઈટ પર જવાના છીએ તો તમે પણ સાથે ચાલો, જેથી તમને બધો ખ્યાલ આવી જશે. આવતીકાલે આ સમયે આપણે પાછા અહીં પહોંચી જશું. મોન્ટુ અત્યારે પોર્ટબ્લેર પાછો જાય છે તે આવતી કાલે પાછો આવી તમને પોર્ટબ્લેર મૂકી આવશે.’’મેં તેમનો પ્રસ્તાવ સ્વીકારતાં ધન્યવાદ વ્યકત કર્યો. દરમિયાન મોન્ટુ અને બેન લિ જીપમાંથી પૈડાવાળાં તોતીંગ પારસલો લઈ આવ્યા, તેને પેલી સીડી વાટે અધ્ધર અવકાશમાં સમાંતરે જઈ ઊંડાણમાં ગરકાવ થતાં હું આભો બની જોઈ રહ્યો.

# દયાળુ કીડી

ચોમાસાના દિવસો હતા. ક્યારેક વાદળો ગર્જના કરતાં, તો ક્યારેક વરસાદ ઝરમર વરસતો.

વરસાદના જળના છંટકાવથી ભીંજાતી કીડી કોઈ આશરો શોધતી હતી. ત્યાં જ એને પાસે એક ઘર નજરે પડયું.



તે ઝટપટ એ ઘરની ઓસરી પાસેનાં પગથિયાં પર ચડી ગઈ. અને પછી ઘરનાં બારણાંની તિરાડમાંથી અંદર પ્રવેશવા પ્રયત્ન કરવા લાગી.

એટલામાં એક મંકોડો લાંબા પગલાં ભરતો એની પાસે પહોંચી ગયો. પહેલાં તો કીડીને ડર લાગ્યો કે મંકોડો એને ઈજા તો નહીં પહોંચાડે ને !

ત્યાં જ મંકોડો બોલ્યો : ‘એય કીડી, તું દૂર ખસી જા ! આ તિરાડમાંથી મારે પહેલાં ઘરમાં ઘૂસી જવું છે. તું જોતી નથી, હું આખો ભીંજાઈ ગયો છું.’

કીડી બિચારી શું કરે ! એ તિરાડ પાસેથી દૂર ખસી ગઈ. ઘરના માલિકે પાણી ભરેલી ડોલ ઓસરી ધોવા માટે ઠાલવી દીધી.

કીડી અને મંકોડો બંને પાણીની છાલકના કારણે ઓસરી પરથી ગબડીને ફરી જમીન પર આવી ગયાં.

બંનેના શરીરમાં થોડી પીડા જાગી. મંકોડાનો એક પગ સહેજ ત્રાંસો થઈ ગયો.

એટલામાં વરસાદ વરસવો શરૂ થઈ ગયો. થોડી ક્ષણોમાં તો કીડી અને મંકોડો પાણીમાં તણાવા લાગ્યાં. બંનેનો જીવ ગૂંગળાવા લાગ્યો. બંને તરફડિયાં મારતાં આસપાસ જોવા લાગ્યાં.

ત્યાં જ પીપળાનું એક પાન પાણીમાં તરતું કીડી પાસે આવ્યું. કીડી ઝડપથી એ પાન પર ચડી ગઈ.

મંકોડાએ આ જોયું. એણે કરગરતાં કહ્યું, ‘કીડી, મને પણ આ પાન પર ચડવામાં મદદ કર ને ! મારો જીવ પણ બચી જાય !’

કીડીને મંકોડાની દયા આવી.

તેણે સહેજ નમીને મંકોડાનાં આગળના બંને પગ પકડ્યા અને મંકોડાને પાન પર લઈ લીધો.

પાન પાણીમાં તરતું જાય અને કીડી અને મંકોડો બંને વાતો કરતાં જાય. મંકોડો વારંવાર કીડીનો આભાર માનતો રહ્યો.

ત્યાં જ વરસાદ વરસવો બંધ થયો. કીડી અને મંકોડો જે પાન પર બેઠાં હતાં. એની નીચેથી બધું પાણી ગટરમાં વહી ગયું.

કીડી અને મંકોડો હવે જમીન પર હતાં.

સાંજ થવા આવી હતી. બંનેનાં છૂટા પડવાનો સમય થવા આવ્યો.

કીડી બોલીઃ ‘ઠીક મંકોડાભાઈ, હવે હું મારા ઘરે જઈશ. મમ્મી–પપ્પા ચિંતા કરતા હશે.’ મંકોડાએ કહ્યું, ‘હા, કીડીબહેન, મારે પણ ઘરે જવાનું છે. પણ... આજે એક વાતનો મને બોધ મળ્યો.’

કીડીએ પૂછ્યું, ‘કઈ વાતનો બોધ ?’

મંકોડાએ જતાં જતાં કહ્યું ‘કયારેય મોટાપણાનું અભિમાન ના કરવું. બધાં જીવજંતુને સરખું જ માન આપવું.’

મંકોડો દેખાતો બંધ થયો ત્યાં સુધી કીડી એની પાછળ જોતી રહી, મનોમન આનંદ અનુભવતી એ પણ ઘરની દિશામાં આગળ વધી.

– હરીશ પંડયા

બાલ એકસપ્રેસ

પ્રિન્સીપાલ/ટ્રસ્ટી
શ્રી રવજીભાઈ કાચા સાહેબ
શ્રી દિપક હાઈસ્કુલ
શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી
મો.૯૪૦૮૧ ૫૭૦૯૨



# આ મારું ચિત્ર છે




ઈશા કે. માંડલિયા
(ધોરણ–૮–બી, રૂપાયતન પ્રા.શાળા )



જાદવ પાર્થ ભાવેશભાઈ
(ધોરણ–૫/બી, મોટા માંડવડા પ્રા. શાળા)



કિંજલ નરેશભાઈ પાણિયા
(ધોરણ–૮, રૂપાયતન સ્કૂલ – અમરેલી)



હેલૈયા દિપાર્તી નરેન્દ્રભાઈ
(ધોરણ–૭, રૂપાયતન સ્કૂલ – અમરેલી)

# ચલાલા : ગાયત્રી પરિવાર દ્વારા ગુરુપૂજન, વૃક્ષારોપણ, વૃક્ષવિતરણ સાથે ગુરુપૂર્ણિમાની ઉજવણી










યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ધ્વારા સંસ્કાર ધામ ચલાલા ખાતે પુ.ગુરૂદેવ અને વંદનીય માતાજીની સુક્ષ્મ હાજરી સાથે ગુરૂપુજન, વૃક્ષારોપણ, વૃક્ષાવિતરણ સાથે ગુરૂપૂર્ણિમા પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. પુ. રતીદાદા ધ્વારા ગુરૂનું આશીર્વાદનું મહત્વ સમજાવ્યું હતું. બાળકો ધ્વારા સુંદર ભજનો સંગીતમય શ્રેણીમાં તાલબધ્ધ રીતે રજુ કરાયા હતા. ત્યારબાદ સંસ્કૃત શકિત ગુરૂકુળના ગુરૂજનો ધ્વારા ગુરૂ પૂર્ણિમાનું મહત્વ સમજાવવા શાસ્ત્રોકત વિધિ અનુસાર મંત્રો સાથે વ્યાસપીઠનું પુજન કરાવી પુજય દાદા અને મંજુબાના ચરણ કમળોનુંવિધિવતરીતેપુજનકરાવ્યુંહતું. સંસ્કૃતગુરૂકુળનાદિકરાદિકરીઓધ્વારા સંસ્કૃત ગીત રજુ કરવામાં આવ્યું તેમજ ગુરૂજીના નામ હો ભજન ધ્વારા સમગ્ર વાતાવરણપવિત્રબનીગયુંહતું.બાળકો અનેગુરૂજનોનાઆગુરૂપુજનધ્વારાપુ. દાદાએ હર્ષની લાગણી અનુભવી ગુરૂપુજન બાદ પુ. દાદા અને ગુરૂજનો ધ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આપણેવૃક્ષજેવાઉદારઅનેશાંતજીવન જીવવાનું શિક્ષણ મેળવી એમના જીવનકમઅપનાવવોજોઈએતેવુંપુ. ડો. રતિદાદા એ જણાવ્યું હતું. જામફળી, આસોપાલવ, લીંબુડી, સીતાફળ, ચીકુડી જેવા વિવિધ રોપાઓનું પુજન કરી શાળાના બાળકો તેમજ ગામજનોને વિતરણ કરવામાં આવ્યા હતા. યુગનિર્માણગાયત્રીપરિવારટ્રસ્ટસંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલના ગુરૂજનો તથા દિકરીઓ ધ્વારા પણ ગુરૂપુજનનું ખુબઅ સુંદર આયોજન કર્યુ હતું. પુ. દાદા ધ્વારા ગુરૂજનોઅનેદિકરીઓનેમંત્રદીક્ષાઆપી હતી.સમગ્રકાયક્રમનુંએકરિંગરક્ષાશકિત સ્કુલના દિકરી ધ્વારા કરવામાં આવ્યું હતું. આસમગ્રકાર્યકમનેબનાવવાભારતભુષણ મહેશભાઈ મહેતા ડાયરેકટર શીતલબેન મહેતા, ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના આચાર્યવ્યાસસહિતસ્ટાફગણ,સંસ્કૃત શકિત ગુરૂકુળના ગુરૂજનો રક્ષા શકિત ગર્લ્સ સ્કુલના આચાર્ય ડો. તુષારભાઈ બાવીશકર સહિત ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૨૦ | ૧૬૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૧૦ | ૧૫૪૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૫ | ૧૯૫૫ |
| ૪ | ચણા | ૧૦૬૨ | ૧૧૦૮ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૧૧૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૧૦૪ | ૧૧૦૪ |
| ૩ | શિંગ મોટી | ૧૦૪૬ | ૧૧૬૨ |
| ૪ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૫૫૧ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૧૨૮૦ | ૧૪૫૯ |
| ૬ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૪૧૫ |
| ૭ | તલ કાળા | ૨૮૫૦ | ૪૩૩૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૮૫૦ | ૨૩૫૮ |
| ૯ | બાજરો | ૩૪૨ | ૫૩૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૪૯ |
| ૧૨ | મકાઈ | ૪૨૧ | ૪૨૧ |
| ૧૩ | મગ | ૧૨૬૬ | ૧૩૦૪ |
| ૧૪ | ચણા | ૮૮૦ | ૧૧૫૨ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૯૨ | ૧૧૦૪ |
| ૧૬ | તુવેર | ૧૧૯૦ | ૧૨૫૦ |
| ૧૭ | કપાસ | ૯૪૫ | ૧૬૩૧ |
| ૧૮ | એરંડા | ૮૪૧ | ૧૨૩૧ |
| ૧૯ | જીરૂ | ૩૩૬૦ | ૩૫૨૬ |
| ૨૦ | રાય | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૨૧ | ઈસબગુલ | ૮૨૨ | ૮૨૨ |
| ૨૨ | ધાણા | ૭૬૧ | ૧૩૫૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૩૦ | ૧૦૩૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૨૧ |
| ૩ | તલ પીળા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૪ | કપાસ | ૧૪૫૧ | ૧૬૦૦ |
| ૫ | બાજરો | ૩૭૦ | ૪૭૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૩૧ |
| ૭ | જુવાર | ૩૨૫ | ૮૭૫ |
| ૮ | મગ | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૯ | અડદ | ૧૩૭૬ | ૧૩૭૬ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૨૦ | ૧૦૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૩૫ |
| ૩ | શીંગ ઉનાળુ | – | ૧૧૪૧ |
| ૪ | શીંગ દાણા | ૧૨૫૦ | ૧૩૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૫૦ |
| ૬ | તલ કાળા | ૨૮૦૦ | ૪૦૦૦ |
| ૭ | જીરૂ | ૩૦૦૦ | ૩૮૭૫ |
| ૮ | કપાસ | – | ૧૩૫૨ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૭ |
| ૧૦ | બાજરો | ૩૨૦ | ૪૫૦ |
| ૧૧ | જુવાર | ૩૫૦ | ૭૦૦ |
| ૧૨ | મગ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૯૦ | ૧૧૩૦ |
| ૧૪ | તુવેર | ૧૦૫૪ | ૧૨૫૨ |
| ૧૫ | ધાણા | ૧૦૫૦ | ૧૩૧૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં બિનાકા ચોક પાસેનાં**

છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈ આ વિસ્તારના હિન્દુ સમાજના લોકો અપીલ કરીએ છીએ કે અશાંતધારા કાયદાનો અમલ સમયસર, વહેલીતકે અને તુરંત થાય.

વધુમાં જણાવવાનું કે, અમરેલી શહેરના ઘણા વિસ્તારોમાં અશાંતધારા અમલમાં આવી ગયેલ છે. પરંતુ તે યોગ્ય સમયે, સમયસર અમલ ન થવાથી ત્યાના આ વિસ્તારની હાલત હવે ઘણી કફોડી બની છે. ત્યાંના હિન્દુ રહેવાસીઓ દ્વારા આ વિસ્તારમાંથી પોતાની મિલ્કત અશાંતધારાના કારણે વેચી શકતી ન હોવાથી, તેઓ દ્વારા હવે પોતાની મિલ્કત વેચવા માટેની અરજી કરવી પડે છે. તેમ અંતમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૧૨ |
| ૨ | તલ સફેદ | ૯૭૫ | ૧૪૭૫ |
| ૩ | તલ કાળા | ૩૫૫૧ | ૩૫૫૧ |
| ૪ | અડદ | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૫ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ૬ | શીંગ ફાડા | ૧૨૭૦ | ૧૨૭૦ |
| ૭ | સોયાબીન | ૭૮૯ | ૭૮૯ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૦૦ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૪૫ | ૪૯૨ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૨ |
| ૪ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૦૦ |
| ૫ | સોયાબીન | ૭૩૦ | ૭૭૦ |
| ૬ | મગ | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ૭ | બાજરો | ૩૦૧ | ૩૦૧ |
| ૮ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૯ | શીંગદાણા | ૧૪૨૫ | ૧૪૫૦ |
| ૧૦ | મગફળી | ૬૨૫ | ૯૧૦ |

## રાજુલાનાં જયોતિષી રમેશ પુરોહિતનો આજે જન્મદિવસ

રાજુલા, તા. ૧૧



રાજુલા જયોતિષ રમેશ પુરોહિતનો તારીખ ૧૨/૭/૨૦૨૫ના રોજ જન્મદિવસ હોય અને આજે તેઓ ૫૫ વર્ષ પૂર્ણ કરી અને ૫૬માં વર્ષમાં મંગલપ્રવેશ કરી રહ્યા છે. તેઓ અત્યાર સુધીમાં દુબઈ, હોંગકોંગ, ચાઈના, શ્રીલંકા, નેપાળ સહિતના દેશોમાં પ્રવાસ કરી ચૂકેલ છે.

જયોતિષશાસ્ત્રમાં છેલ્લા ૩૫ વર્ષ સુધી એકધારી સતત સંશોધન કરી અભ્યાસ કરે છે. જયોતિષની વિશિષ્ટ શાખા જૈમીની જયોતિષ ઉપર અનેક સંશોધનપત્રો લેખો તેમણે રજૂ કર્યા છે. એમણે ગત ૩૫ વર્ષમાં હજારો કુંડળીના તલસ્પર્શી અભ્યાસો કર્યા છે. તેમની કુંડળી સંગ્રહમાં દરેક ક્ષેત્રના લોકોની કુંડળીઓ ઉપલબ્ધ છે. હાલની જયોતિષની એક શાખા રમલ જયોતિષ ઉપરસં શોધન ચાલુ છે. જયોતિષશાસ્ત્રની તમામ શાખાઓ જન્મ કુંડળી હસ્તરેખા પ્રશ્ન કુંડળી શકુંનશાસ્ત્ર સ્વપ્નશાસ્ત્ર મુહૂર્તશાસ્ત્ર રમણશાસ્ત્ર વિગેરે શાખાઓનો તેમને ઊંડો અભ્યાસ કરેલ છે.

## દામનગર : પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ ગરીબોને મળતો નથી

દામનગર, તા. ૧૧

દામનગર નગરપાલિકાના તંત્ર વાહકોની બેદરકારીનો ભોગ બનતા લાચાર લોકો વર્ષ ૨૦૧૯ થી પ્રધાનમંત્રી આવાસની દરખાસ્તમાં અભિપ્રાય ન આપી અનેક ડોકયુમેન્ટ નવા બનાવી પ્રધાનમંત્રી આવાસ માટે જતા લાભાર્થીઓને દરખાસ્ત પરત કરી ઓનલાઈન કરવા ફરજ પડાય આવું કેમ ? જો પ્રધાનમંત્રી આવાસ યોજનાની દરખાસ્ત ઓનલાઈન કરવાની હોય તો ટપાલ દફતરે ઈનવોર્ડ કેમ કરાય ? ૬ વર્ષ સુધી અભિપ્રાય કેમ ન અપાયો ? ૧૫૦ લાભાર્થી ઓમાંથી ૫૦ જેવી દરખાસ્તો કાઢી નાખવા પરિપત્રનું બહાનું આપી છટકી જતા તંત્ર વાહનોની ભૂલનો ભોગ બનતા ગરીબ પરિવારો લાચાર સ્થિતિમાં મુકાયા તંત્રની ભૂલનો ભોગ બનતા લાભાર્થી ઓની વ્હારે ધારાસભ્ય અને સાંસદ સભ્ય આવવું જોઈએ વર્ષ ૨૦૧૯ થી ઘરના ઘરની રાહમાં ગરીબ પરિવારો સાથે આવો ભેદભાવ કેમ ? વારસાઈ કે સંમતિ વાળી દરખાસ્તો કાઢી નાખવા પરિપત્રનું બહાનું કેટલું વ્યાજબી ? ફેજ ૧ અને ફેજ ૨માં પ્રધાનમંત્રી આવાસ હેઠળ ૨૫૦ મકાનોમાં મોટા ભાગની દરખાસ્તોમાં સંમતિ કે દસ્તાવેજના આધારે પ્રધાનમંત્રી આવાસ હેઠળ મકાનો ગરીબ પરિવારોને મળ્યા હવે શું વાંધો ? તંત્ર વાહકોની ભૂલનો ભોગ લાભાર્થી શુ કામ?

# અમરેલી માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે ખાદ્યતેલના વપરાશ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો






અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ અમરેલી ખાતે આજરોજ તા.૯/૭/૨૫ને બુધવારના રોજ વિદ્યાર્થીઓમાં ખાદ્યતેલના પ્રમાણસર વપરાશ અંગેની જાગૃતિ લાવવા માટે એક કાર્યક્રમ યોજાયો હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડો.જી.વી. વેલિયતએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય જળવાય તે અંગે જીવનમાં રમતગમતનું સ્થાન, આહાર–વિહાર તથા ખાદ્યતેલના પ્રમાણસર ઉપયોગ વિશે મનનીય ઉદ્‌બોધન આપ્યું. ત્યારબાદ પ્રા.ડો.એમ.જે. પટોળીયાએ આહારમાં કયા તેલનો ઉપયોગ કરવો જોઈએ ? કયુ તેલ ખાદ્ય તેલ કે અખાદ્ય છે ? ખાદ્ય તેલનો પ્રમાણસર ઉપયોગ કરી સ્વાસ્થ્ય જાળવી રાખવા અંગે આર્યુવેદાચાર્યનો સંદર્ભ ટાંકી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતાં. ત્યારબાદ પ્રા.ડો.વી.પી. સોરઠીયાએ જીવનમાં સ્વસ્થ રહેવા માટે યોગ્ય કસરતનું જીવનમાં વિશિષ્ટ સ્થાન અને આહારમાં કેટલા પ્રમાણમાં તેલનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરવો તે બાબતે ઉદ્‌બોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.ડો.વી.પી. સોરઠીયાએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા તમામ સ્ટાફગણ તથા વિદ્યાર્થીનીઓએ સારી જહેમત ઉઠાવેલ. આજના કાર્યક્રમ બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખુંટ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.જી.વી. વેલિયતએ તેમજ વિદ્યાસભાના નિયામક ડો. ગીરીશભાઈ ભીમાણી કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

### વિદેશી મીડિયાને આડે હાથ લેતા અજિત ડોવાલ

# ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાને ભારતની એક ઈંટ પણ ખેરવી હોય તો તેનો ફોટો બતાવો

## સમગ્ર ઓપરેશનમાં ફક્ત ૨૩ મિનિટનો સમય લાગ્યો : રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલે IIT મદ્રાસ ખાતે દીક્ષાંત સમારોહમાં હાજરી આપી

ચેન્નાઈ, તા.૧૧

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલે ચેન્નાઈમાં IIT મદ્રાસના ૬૨મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે ઓપરેશન સિંદૂર વિશે પણ ઘણી વાત કરી. અજિત ડોવલે આ દરમિયાન ઓપરેશન સિંદૂરની સફળતા વિશે પણ જણાવ્યું. તેમણે વિદેશી મીડિયાને આડેહાથે લેતા કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતને જો નુકસાન થયું હોય તો મને એક તસવીર બતાવો.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલે ઓપરેશન સિંદૂર વિશે વાત કરતા કહ્યું કે, અમે પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરવાનો નિર્ણય લીધો છે. અમને અમારા ઓપરેશન સિંદૂર પર ગર્વ છે. અમે અમારા નિર્ધારિત ૯ લક્ષ્યો સિવાય બીજે ક્યાંય હુમલો કર્યો નથી. હુમલાઓ ચોક્કસ હતા. તેમણે વધુમાં કહ્યું, ''ભલે તે આપણું બ્રહ્મોસ હોય કે રડાર, આ બધા સ્વદેશી શસ્ત્રો હતા''.

આ સાથે, અજિત ડોવલે કોન્વોકેશનમાં ઓપરેશન સિંદૂર પરના અહેવાલ માટે વિદેશી મીડિયા પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, વિદેશી મીડિયાએ કહ્યું કે, પાકિસ્તાને આમ અને તેમ કર્યું. તમે મને એક ફોટો બતાવો જે કોઈપણ ભારતીય ઈમારતને નુકસાન પહોંચાડેલું હોય, મને એક એવો ફોટો બતાવો જે ભારતનું નુકસાનમાં કાચનો એક ટુકડો પણ તુટ્યો હોય તો બતાવો. વિદેશી મીડિયાએ ઘણી બધી વાતો લખી અને આગળ મૂકી. પણ કોઈ સચોટ પુરાવાઓ રજૂ નથી કર્યા.

અજિત ડોવલે કહ્યું, આપણે આપણી સ્વદેશી ટેકનોલોજી વિકસાવવી પડશે. સમગ્ર કામગીરીમાં ૨૩ મિનિટ લાગી. તેમણે વધુમાં કહ્યું, તમે એક એવા દેશ, એક સભ્યતાના છો જે હજારો વર્ષોથી મુશ્કેલી અને અપમાનમાં છે. આપણા પૂર્વજોએ ઘણું સહન કર્યું છે. મને ખબર નથી કે આ સભ્યતાને જીવંત રાખવા, રાષ્ટ્રની આ વિભાવનાને જીવંત રાખવા માટે તેમણે કેટલું અપમાન, વંચિતતા અને દુઃખ સહન કર્યું છે. રાષ્ટ્ર રાજ્યથી અલગ છે. ભારત એક રાષ્ટ્ર છે. ૨૨ વર્ષ પછી આપણે આપણી સ્વતંત્રતાના ૧૦૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યા છીએ. તે સમયે તમે તમારી કારકિર્દીના શિખર પર હશો. તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો હતો. ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં હુમલો થયો હતો. આ હુમલામાં આતંકવાદીઓએ નિઃશસ્ત્ર લોકો પર ગોળીઓ ચલાવી હતી. આ પછી, ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. આ ઓપરેશન હેઠળ, પાકિસ્તાનના ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમને નષ્ટ કરવામાં આવ્યા હતા. આ પછી, પાકિસ્તાને ભારત પર હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ પણ કર્યો. ૧૦ મેના રોજ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થયો. ભારત સાથે આ સીઝફાયર માટે પાકિસ્તાને એક વાર નહીં પણ બે વખત સંપર્ક સાધ્યો હતો. ૭મેની સાંજે ભારત સાથે સીઝફાયર કરવા સંપર્ક કર્યો હતો. પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઑફ મિલિટ્રી ઓપરેશન્સ દ્વારા ઔપચારિક સંદેશ મારફત સંપર્ક સાધવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૦ મેના રોજ બપોરે ૩.૩૫ વાગ્યે DGMO સ્તરે બેઠક થઈ હતી. બંને પક્ષે સીઝફાયર પર સહમતિ કરવામાં આવી.

### શ્રી ભુરખિયા હનુમાનજી ટ્રસ્ટ દ્વારા

# અમરેલી ખાતે અનાથ બાળકોની સેવા કરનાર સંસ્થાને ૫૧ હજારની મદદ

## સ્વામી નિત્યશુધ્ધાનંદ સરસ્વતીને ચેક અર્પણ

દામનગર, તા.૧૧

અમરેલી ખાતે સેવા સ્વામી શ્રી નિત્યસુધ્ધાનંદ સરસ્વતીજીની પાવન નિશ્રામાં સંપુર્ણ અનાથ બાળકોની ઈશ્વરી સેવાથી ખુબ પ્રભાવિત થતા શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ દ્વારા અનાથ બાળકોની સેવા શ્રૃશુતા માટે ૫૧ હજારની ધનરાશિ અર્પણ કરતા પ્રમુખ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર પ્રશાસન ટ્રસ્ટના દુષ્યનભાઈ પારેખ, સુધીરભાઈ પારેખ, હરજીભાઈ નારોલા, હિંમતભાઈ કટારીયા, અમરશીભાઈ પરમાર, ભરતભાઈ ભટ્ટ, દેવરાજભાઈ સિંધવ દ્વારા અમરેલી ધ્યાનાનંદ પરિસર ખાતેએ



આઈ એમ.કુમાર છાત્રાલયની મુલાકાત લઈ સ્વામી નિત્યસુધ્ધાનંદ સરસ્વતીને પ્રસાદી રૂપ સેવા ચેક અર્પણ કરાયો હતો.

# વડેરા ખાતે સુરક્ષિત બાળ ઉછેર અંગે કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧૧

ફયુચર ફાઉન્ડેશન દ્વારા સુરક્ષિત બાળ ઉછેર અંગે કાર્યક્રમ સંપન્ન થયો. તારીખ ૮/૭/૨૦૨૫ના રોજ ફયુચર ફાઉન્ડેશન દ્વારા પ્રોગ્રામ ફોર હેલ્પ ઈન હાર્ડશીપ અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વડેરાના સહયોગથી ગામની વાડીઓમાં રહેતા પરપ્રાંતિય શ્રમિક પરિવારના સગર્ભા તેમજ ધાત્રી માતાઓ સાથે સુરક્ષિત બાળ ઉછેર અંગે એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નવજાત બાળકો માટે ફોલ્ડિંગ ઘોડિયાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ૩૦ બહેનોને ખજૂર, ગોળ, ટોપરા અને સિંગ દાળિયા પૌષ્ટિક આહાર તરીકે આપવામાં આવ્યા હતા. આ સાથે જ બાળકોના શિક્ષણ, સ્વચ્છતા અને સરકારની આરોગ્ય સેવાના લાભાર્થી બનીને સુરક્ષિત સગર્ભા અવસ્થા તેમજ સુરક્ષિત બાળ ઉછેર અંગ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ તકે ગામના સરપંચ ભરતભાઈ હપાણી ઉપસ્થિત રહીને કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ ગામના આગેવાનો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વડેરાના સ્ટાફના સહયોગથી સફળ અને સંપન્ન થયો હતો.

# અમરેલીમાં મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી દ્વારા નેત્રનિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૧૧

અમરેલી મોઢ મહાજન વાડી ખાતે મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી તથા પારેખ રણછોડ દેવચંદ વિદ્યાર્થીગૃહ તેમજ સુદર્શન નેત્રલાય અમરેલી દ્વારા વિનામુલ્યે અગીયારમો નેત્રનિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન થયેલ. આ કેમ્પના સૌજન્ય ભાગીયશ્રીબેન સોલંકીનુ રહેલ. કેમ્પના ઉદ્‌ઘાટક પૂર્વ ડીસ્ટ્રીક સેશન જજ એ.ડી. મોગલ સા હતા. આ તકે દીપ પ્રાગટય થયેલ તેમજ દિલીપભાઈ પરીખ, રાજુભાઈ પરીખ, હિરેનભાઈ પરીખ, દિપકભાઈ પરીખ, સંજયભાઈ પરીખ, ડો. રવિભાઈ પરમાર, કિર્તીભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. એક વર્ષ દરમ્યાન મહીનાના બીજા ગુરૂવારે ૧૨ કેમ્પનુ આયોજન હોય તે અંતર્ગત આ અગિયારમો નેત્ર નિદાન કેમ્પ હતો. આ એક સેવાકીય પ્રવૃતિ છે. આ કેમ્પમાં ૬૮ દર્દીઓએ લાભ લીધેલ. જેમાંથી મોતિયાના ૩૦ દર્દીઓ હતા. જેનુ વિનામુલ્યે સુદર્શન ત્રેત્રાલય ખાતે ઓપરેશન થશે. તથા વેલના ૧ દર્દીઓ હતા. હવે પછીનો કેમ્પ આવતા મહીનાના બીજા ગુરૂવારે થશે તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

# રંગપુર ખાતે ડેન્ગ્યુ વિરોધી માસની ઉજવણી





અમરેલી, તા. ૧૧

રંગપુર ગામ ખાતે જુલાઈ માસ એટલે કે ડેન્ગ્યુ વિરોધી માસ અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવી. રંગપુર ગામના લોકોને વાહકજન્ય રોગો જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મચ્છર ચોખ્ખા, ખુલ્લા અને બંધીયાર પાણીમા થાય છે. તે અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું. તથા લોકોને સમજાવવામા આવ્યું કે પોતાના ઘરની અગાશીમા, ફળિયામાં કે ઘરની આજુ-બાજુમાં કોઈપણ ભંગાર અથવા ડબ્બા-ડુબલી, ટાયર, પક્ષીકુડ હોઈ તેમાં વરસાદનુ પાણીના ભરાઈ તે રીતે રાખવા અથવા તેનો નિકાલ કરવા અંગે પણ આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું. અને ગામના ૧૮ જેટલા ખુલ્લા પાણીનાં ટાંકામાં પોરાભક્ષક ગપ્પી માછલીઓ મુકવામાં આવેલ. આ કામગીરીને સફળ બનાવવા માટે સ્થાનિક આરોગ્ય કર્મચારી સપનાબેન રાણવા, ડી.જી રાજયગુરૂ, અને કિરણબેન દુધાત એ જહેમત ઉઠાવેલ.

# રાજુલા : સંઘવી મહિલા કોલેજમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ





રાજુલા, તા. ૧૧

શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આટ્‌ર્સ તથા કોમર્સ કોલેજ ખાતે તારીખ.૧૦ જુલાઈ ૨૦૨૫ના રોજ પ્રથમ વર્ષના બહેનોનો વેલકમ ડે તથા ગુરૂપૂર્ણિમા મહોત્સવની ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે કોલેજ કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેકટર ડો.જીગ્નેશભાઈ વાજા તથા પત્રકાર યોગેશભાઈ કાનાબાર ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના કર કમલ વડે દીપ પ્રાગટ્યની સાથે ભાવવાહી પ્રાર્થના ગાન બાદ પ્રિન્સીપાલ ડો. રીટાબેન રાવળ દ્વારા મહેમાનો તથા બહેનોને આવકારી સ્વાગત પ્રવચન તથા ગુરૂપૂર્ણિમાનું મહત્વ પ્રાસંગિક ઉદબોધન કરેલ. ત્યારબાદ રાસ ગરબા, ગીત, સ્પીચ, નૃત્ય, નાટક તથા અભિનયની ચડિયાતી ઈવેન્ટ બહેનો દ્વારા પ્રસ્તુત થયેલ જેને તાળીઓના ગડગડાટથી વધાવવામાં આવેલ. અધ્યાપકો દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિતે આશીર્વાદ પાઠવવામાં આવેલ. પ્રવેશ લેનાર તમામ બહેનોને આવકારેલ. કુમકુમ તિલક કરી મીઠું મો કરાવવામાં આવેલ. તમામ બહેનોએ ગુરૂ આશિર્વચન લીધેલ. ટ્રસ્ટી દ્વારા તમામ બહેનોને બોલપેનના સેટની ભેટ આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમ એન.એસ.એસ. પ્રોગ્રામ આફિસર જાગૃતિ બેન તેરૈયા તથા ભગવતીબેન વડીયાના માર્ગદર્શનથી તૈયાર કરવામાં આવેલ. આભાર દર્શન નેહાબેન દરજી દ્વારા સુચારૂ રૂપે કરવામાં આવેલ. કાર્યક્રમની સફળતા માટે તમામ પ્રાધ્યાપક પરિવાર તથા વિદ્યાર્થીની બહેનોની જહેમતથી સુપેરે સંપન્ન થયેલ.

### ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ વધીને ૯૭૪૭૩ થયો

# ચાંદીના ભાવમાં ઉછાળો, એક કિલોનો ભાવ ૧,૧૦,૦૦૦ને પાર

## ૯૧૬ શુદ્ધતાવાળા ૨૨ કેરેટ સોનાની વાત કરીએ તો તે આજે ૮૯૨૮૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ વેચાઈ રહ્યુ છે

નવી દિલ્હી, તા.૧૧

ભારતીય બુલિયન બજારમાં આજે એટલે કે ૧૦ જૂલાઈના રોજ સોનાના ભાવમાં વધારો થયો છે. ઉપરાંત, ચાંદીના ભાવ પણ મોટા આંકડાને પાર કરી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, આજે ચાંદી ૧ લાખ ૧૦ હજારને પાર કરી ગઈ છે. આજે ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ વધીને ૯૭૪૭૩ રૂપિયા થઈ ગયો છે. એટલે કે, ભારતીય બુલિયન બજારમાં આજે સોના અને ચાંદી બંનેના ભાવમાં વધારો થયો છે.

રાષ્ટ્રીય સ્તરે ૯૯૫ શુદ્ધતાવાળા ૧૦ ગ્રામના ૧૦ ગ્રામનો ભાવ આજે ૯૭૦૮૩ રૂપિયા છે, જે ગુરુવારે ૯૬૬૫૭ રૂપિયા હતો. જો આપણે ૯૧૬ શુદ્ધતાવાળા ૨૨ કેરેટ સોનાની વાત કરીએ તો તે આજે ૮૯૨૮૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ વેચાઈ રહ્યો છે, જે ગઈકાલે ૮૮૮૯૪ રૂપિયા હતો. ૭૫૦ શુદ્ધતાના ૧૮ કેરેટ સોનાનો ભાવ આજે ૭૩૧૦૫ રૂપિયા છે અને ૫૮૫ શુદ્ધતાના ૧૪ કેરેટ સોનાનો ભાવ આજે ૫૭૦૨૨ રૂપિયા છે.

આજે ચાંદીનો ભાવ ૧૦૬૯૦૦ રૂપિયા પ્રતિ કિલો છે, જે બુધવારે ૧૦૬૫૩૧ રૂપિયા હતો. આ કિંમતોમાં GST ઉમેરવામાં આવ્યો નથી અને તમારે ઘરેણાં ખરીદવા પર મેકિંગ ચાર્જ અલગથી ચૂકવવા પડશે. સોના અને ચાંદીના ભાવ સોમવારથી શુક્રવાર સુધી ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ ibjarates.com પર દરરોજ સવારે અને સાંજે જાહેર કરવામાં આવે છે.

અમેરિકા અને અન્ય દેશો વચ્ચે વેપાર સંઘર્ષ અને ટેરિફ યુદ્ધના ભયથી આંતરરાષ્ટ્રીય રોકાણકારોનો સુરક્ષિત રોકાણોમાં વિશ્વાસ વધી રહ્યો છે. સદીઓથી આવા અસ્થિર સમયમાં સોના અને ચાંદીને "સેફ હેવન" માનવામાં આવે છે. જોકે, યુએસ ડોલર મજબૂત થવાને કારણે સોનાની ચમક થોડી મર્યાદિત થઈ છે, કારણ કે જ્યારે ડોલર મજબૂત થાય છે, ત્યારે અન્ય ચલણોમાં સોનાની કિંમત વધે છે અને માંગ થોડી ધીમી પડી શકે છે. પરંતુ આ હોવા છતાં સ્થાનિક બજારમાં ભાવ વધી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે વર્તમાન વૈશ્વિક અસ્થિરતાને કારણે કિંમતી ધાતુઓની માંગ વધુ વધી શકે છે. જો ડોલર વધુ મજબૂત થાય છે, તો થોડી અસ્થિરતા જોવા મળી શકે છે, પરંતુ એકંદરે રોકાણકારો હાલમાં સોના અને ચાંદીને સલામત વિકલ્પ તરીકે ધ્યાનમાં લઈ રહ્યા છે.

# સાવરકુંડલા મહિલા આર્ટ્સ કોલેજમાં વિશ્વ વસ્તી દિવસની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૧

નૂતન કેળવણી મંડળ સંચાલિત વી. ડી. ઘેલાણી મહિલા આટર્સ કોલેજમાં આજરોજ તારીખ ૧૧/૭/૨૫ના રોજ વિશ્વ વસ્તી દિવસને ઉજવણી કરવામાં આવી.

જેમાં નિબંધ સ્પર્ધાનો આયોજન થયું જેમાં ૪૫ બહેનોએ ભાગ લીધેલ જેમાં પ્રથમ ક્રમે બારૈયા કલા બીજા ક્રમે ચૌહાણ જીજ્ઞા અને મકવાણા હેતલ ત્રીજા ક્રમે થાનકી નંદની અને મહેતા અસ્મિતાએ નંબર પ્રાપ્ત કરે તેમજ વિદ્યાર્થીની બહેનો ધ્વારા વસ્તી વધારાને કઈ રીતે નિયંત્રણ કરી શકાય તેના પર વકતવ્ય રજૂ કર્યા અને સુંદર મજાનું નાટક રજુ કરવામાં આવ્યું. કોલેજના કાર્યકારી પ્રિન્સિપાલ ચાવડા પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપેલ જેમાં વસ્તી સમસ્યાના કારણે આજે માનવી અનેક સમસ્યાનો ભોગ બની રહે છે. તે વાત વિદ્યાર્થી બહેનોને સમજાવી કાર્યક્રમના અંતે ડોકટર રૂકસાના બહેન કુરેશીએ સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ કરેલ. આ કાર્યક્રમનું આયોજન સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રિન્સિપાલ ચાવડા અને ડોકટર રૂકસાના બહેન કુરેશી ધ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવેલ આ કાર્યક્રમનું સંચાલન કોલેજની વિદ્યાર્થીની બહેનો ચુડાસમા આરતી અને મહેતા અસ્મિતાએ કરેલ.

# સાવરકુંડલાની પે સેન્ટર શાળા નંબર-૧માં લાઈફ સ્કીલ મેળો યોજાયા



સાવરકુંડલા, તા. ૧૧

પે સેન્ટર શાળા નંબર-૧ સારવકુંડલા ખાતે લાઈફસ્કીમ મેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોએ પોતાના કૌશલ્ય મુજબ વિવિધ કૃતિઓ રજુ કરી. આ કૃતિમાં બાળકોએ સાઈકલમાં પંચર કેવી રીતે સાધવું. આ ઉપરાંત પર્યાવરણની રક્ષા માટે વિજ્ઞાનને લગતા વિવિધ મોડલ બનાવ્યા જેમાં સ્માર્ટ સીટીનું સુંદર મોડલ રજુ કર્યુ તેમજ બાળકો વિવિધ પ્રકારની કાર્ડસીટનું કટીંગ કરીતેના પર અલગ અલગ પ્રકારના સ્ટોન ચોંટાડયા આ ઉપરાંત બાળકોએ વેસ્ટ વસ્તુઓમાંથી ઘણી પ્રકારની બેસ્ટ વસ્તુઓ બનાવી જેમ કે પેન સ્ટેન્ડ, પુંઠાની સાયકલ, ટોડલિયા, પુંઠામાંથી બસ બનાવી. આ ઉપરાંત લાકડામાં ખીલી મારવી, મહેંદી મુકવી, ફયુઝ બાંધવો, લાઈટનું રીપેરીગ જેવી વિવિધ પ્રકારની જીવન ઉપયોગી પ્રવૃતિ કરી. શાળાના આચાર્ય ભુમિકાબેન મહેતા તેમજ તમામ સ્ટાફ મિત્રોના સંપૂર્ણ સહકારથી આંનદપૂર્વક લાઈવસ્કીલ મેળાની ઉજવણી કરવામાં આવી.

# સરકારી કર્મચારીઓના પગારમાં થયો ૧૭૦૦૦ રૂપિયાનો વધારો

નવી દિલ્હી, તા.૧૧

જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSU) માં કામ કરતા કેન્દ્રીય કર્મચારીઓ માટે એક મોટા સમાચાર આવ્યા છે. સરકારે તેમના મોંઘવારી ભથ્થામાં મોટો વધારો જાહેર કર્યો છે. હવે તેમનો મોંઘવારી ભથ્થું વધીને ૭૫૮.૩ ટકા થઈ ગયું છે. કેન્દ્ર સરકારના એક નાયબ સચિવ સ્તરના અધિકારીએ આ વધારાની માહિતી આપી છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે મોંઘવારી સતત વધી રહી છે અને તેનો સીધો લાભ હજારો જાહેર ક્ષેત્રના કર્મચારીઓને મળશે.

ડેપ્યુટી સેક્રેટરી ડૉ. પી.કે. સિંહાના જણાવ્યા અનુસાર, આ વધારો બોર્ડ સ્તરથી નીચેના બોર્ડ સ્તરના અધિકારીઓ અને કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમો (CPSEs)માં ૧૯૮૭ અને ૧૯૯૨ના IDA (ઔદ્યોગિક મોંઘવારી ભથ્થા) પગાર ધોરણ પર કામ કરતા સુપરવાઈઝર માટે મોંઘવારી ભથ્થું (DA)માં કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં, ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝ (DPE) એ ૯ જુલાઈ, ૨૦૨૫ ના રોજ એક આદેશ જાહેર કર્યો છે. મોંઘવારી ભથ્થાના આ નવા દરને ૧ જુલાઈ, ૨૦૨૫થી લાગુ ગણવામાં આવશે. મોંઘવારી ભથ્થાના નવા દર શું હશે? આદેશ મુજબ, માર્ચ ૨૦૨૫ થી મે ૨૦૨૫ ના ત્રિમાસિક ગાળા માટે સરેરાશ ગ્રાહક ભાવ સૂચકાંક (AICPI) (1960=100) 9433 હતો, જેના આધારે આ વધારો ૭૫૮.૩% નક્કી કરવામાં આવ્યો છે. આ મુજબ, નવા દર નીચે મુજબ હશે : જે લોકોને રૂ. ૩૫૦૦ નો મૂળ પગાર મળે છે તેમને ૭૫૮.૩% મોંઘવારી ભથ્થું અથવા ઓછામાં ઓછું રૂ. ૧૬,૬૬૮ મળશે. ૩૫૦૦ થી રૂ. ૬૫૦૦ સુધીના મૂળ પગાર પર ૫૬૮.૭% મોંઘવારી ભથ્થું અથવા ઓછામાં ઓછું રૂ. ૨૬,૫૪૧ મળશે. ૬૫૦૦ થી રૂ. ૯૫૦૦ સુધીના પગાર પર, ૪૫૫.૦% ભથ્થું અથવા ઓછામાં ઓછું રૂ. ૩૬,૯૬૬ હકદાર રહેશે.

૯૫૦૦ રૂપિયાથી વધુના પગાર માટે ૩૭૯.૧% મોંઘવારી ભથ્થું અથવા ન્યૂનતમ રૂપિયા ૪૩,૨૨૫ આપવામાં આવશે.

ડૉ. સિંહાના જણાવ્યા મુજબ, જૂની ન્યુટ્રલાઈઝેશન સિસ્ટમ (૧૯૮૭ સ્કેલ) મુજબ, ૨ રૂપિયા પ્રતિ પૉઈન્ટના દરે ૧૯ પૉઈન્ટના વધારાના આધારે, કુલ મોંઘવારી ભથ્થું ૩૮ રૂપિયા થશે, જ્યારે AICPI 9433ના આધારે, આવા અધિકારીઓને દર મહિને કુલ ૧૭,૪૫૬ રૂપિયાનું DA મળી શકે છે. સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે જો મોંઘવારી ભથ્થાની રકમ ૫૦ પૈસા કે તેથી વધુ હશે, તો તેને રાઉન્ડ ઓફ કરવામાં આવશે (તેને નજીકના પૂર્ણાંકમાં રૂપાંતરિત કરીને). ઉપરાંત, સરકારે તમામ મંત્રાલયો અને વિભાગોને તેમના ગૌણ CPSE ને આ આદેશ વિશે જાણ કરવા અને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી છે. આ વધારાથી કર્મચારીઓના પગારમાં નોંધપાત્ર વધારો થશે, જે તેમને વધતી જતી ફુગાવાનો સામનો કરવામાં મદદ કરશે.

## ગંભીરા પુલની દુર્ઘટના બાદ માર્ગ–મકાન વિભાગની ઊંઘ ઉડી

# જાગ્યા ત્યાંથી સવાર : બિસ્માર માર્ગોની મરામત શરૂ

**જિલ્લાનાં અનેક માર્ગો અને પુલો મહિનાઓથી બિસ્માર હોય હવે મરામત શરૂ**

**બગસરા–ચલાલા–ગોપાલગ્રામ માર્ગ ઉપર ડામર પેચવર્કની કામગીરી કરાઈ**

**ચાવંડ–અમરેલી–ધારી માર્ગ ઉપર મરામત શરૂ કરવામાં આવી**

**સતત માર્ગની કાળજી લીધી હોત તો ભર ચોમાસે પેચવર્ક કરવાની જરૂર ન પડત**




અમરેલી, તા. ૧૧
નાગરિકોને અવરજવરની સુવિધામાં અગવડ ન પડે તે માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો મુજબ અમરેલી જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત બનેલા રસ્તાઓનું સમારકામ વેગવંતું બન્યું છે.

વરસાદના વિરામ બાદ જિલ્લા માર્ગ અને મકાન (રાજય) તંત્ર દ્વારા જિલ્લાના વિવિધ માર્ગોની મરામત કામગીરીમાં હાથ ધરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગ (રાજય) દ્વારા બગસરા–ચલાલા–સાવરકુંડલા રોડ પર ગોપાલગ્રામથી ચલાલા વચ્ચે ડામર પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

અમરેલી જિલ્લાના માર્ગ મકાન વિભાગ (રાજય) દ્વારા રસ્તા સમારકામની કામગીરી કરવા જિલ્લાના અગત્યના સ્ટેટ હાઈવે, ગ્રામ્ય અને શહેરી વિસ્તારોને જોડતા માર્ગો સહિતના રોડ રસ્તાનું આસ્ફાલ્ટ એટલે કે ડામરથી પેચવર્કની કામગીરી હાથ સતત શરૂ છે.

વરસાદથી અસગરગ્રસ્ત થયા છે તેવા રસ્તાઓના મરામતની જરૂરી કાર્યવાહી વહેલી તકે પૂર્ણ થાય તેવી પ્રાથમિકતા સાથે અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (રાજય) પ્રયત્નશીલ છે, તેમ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (રાજય) એ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## સ્થાનિકોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ

# અમરેલીનાં બિનાકા ચોક પાસેનાં વિસ્તારમાં અશાંતધારો લાગુ કરવા માંગ

## હિન્દુવાદી સંસ્થાઓ પણ સાથમાં જોડાઈ



અમરેલી, તા. ૧૧
અમરેલીનાં નાગનાથ મંદિર પાછળ આવેલ એલઆઈસી કચેરી, બિનાકા ચોક વિસ્તારનાં રહેવાસી હિન્દુ સમાજે આજે એએચપી, વીએચપીનાં આગેવાનોની સંગાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમારા વિસ્તારમાં નાગનાથ મંદિર રોડ, એલ.આઈ.સી. ઓફિસની બાજુમાં, બિનાકા ચોક પાસે, હાલમાં જ તા. ૨૫/૬/૨૫ના રોજ વોરા/મુસ્લિમ સમાજ દ્વારા વધુ એક અતિક્રમણ કરાયું છે. જેનો રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૩૧૨૬ ટીકા નં. ૩/૧, સીટી સર્વે નં. ૬૬ પૈકીની ખરીદી કરી અમારા વિસ્તારમાં વોરા/મુસ્લિમ સમાજ દ્વારા વધુ એક અતિક્રમણ કરવામાં આવેલ

અનુસંધાન પાના ૬ ઉપર

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catcring service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.8000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000-7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્ક્રીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000-7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,100/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૧/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર... મેગાસીટીમાં થતા કુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
STAR TATA AIG INSURANCE WITH YOU ALWAYS Medi Assist SBI general care RELIANCE Health Insurance BAJAJ Allianz

હવે...બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
24/7 Emergency Services
ડૉ. નીત ચોટાઈ MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો
પથરીના ઓપરેશન
પ્રોસ્ટેટના ઓપરેશન
સુન્નતના ઓપરેશન
પુરુષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Export Executive
Experience : 3 Years
Age : 30 + years
Education : Bsc | Msc | B.com | M.com | BBA | Bca
Salary : 30,000/- to 40,000/-
Location : Amreli
sheetalhr530@gmail.com
+91 90819 98018
APPLY NOW

## શ્રી સાવરકુંડલા નાગરિક સહકારી બેંક લી.– સાવરકુંડલા

### વાર્ષિક સાધારણ સભાની નોટિસ

શ્રી સાવરકુંડલા નાગરિક સહકારી બેંક લી. સાવરકુંડલાના સર્વે સભાસદોને જણાવવાનું કે આ બેંકની ૭૦મી વાર્ષિક સાધારણ સભા **તા.૨૭/૦૭/૨૦૨૫ ને રવિવારના રોજ સાંજના ૪:૦૦ કલાકે શ્રી મહાત્મા ગાંધી અતિથિગૃહ, સ્ટેશન રોડ, સાવરકુંડલા** માં નીચે જણાવેલ કાર્યવાહી માટે મળશે. જેમાં સર્વે સભાસદોએ સમયસર હાજરી આપવા વિનંતી.

**–:: કાર્યસુચી ::–**

(૧) ગત તા. ૧૪/૦૭/૨૦૨૪ ને રવિવારના રોજ મળેલી બેંકની સાધારણ સભાની કાર્યવાહીની નોંધ વંચાણે લઈ બહાલ રાખવા
(૨) તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થતા વર્ષના બોર્ડ ઓફ ડિરેકટર્સે તૈયાર કરેલ અહેવાલ, બેંકનું ઓડીટ થયેલ સરવૈયુ તથા નફા નુકશાનના હિસાબી પત્રકો મંજુર કરવા.
(૩) બોર્ડ ઓફ ડિરેકટર્સે ભલામણ કરેલ ૨૦૨૪–૨૫ ના વર્ષના નફાની ફાળવણી મંજુર કરવા.
(૪) બેંકના ૨૦૨૪–૨૫ ના વર્ષના ઓડીટ અહેવાલની નોંધ લઈ દુરસ્તી રીપોર્ટ મોકલવા બાબત.
(૫) બેંકના પેટા નિયમ–૬ પ્રમાણે ૨૦૨૫–૨૬ના વર્ષ માટે બોર્ડ ઓફ ડિરેકટર્સ વધારેમાં વધારે ભંડોળ ઉભુ કરી શકે તે હદ નકકી કરવા.
(૬) બેંકનો વહીવટ અને વ્યવસ્થાપક મંડળની પસંદગી સહકારની ભાવનાથી સુચારૂ ચાલે તે અંગે
(૭) બેંકના ૨૦૨૫–૨૬ ના વર્ષ માટે સ્ટેચ્યુટરી ઓડીટરની નિમણુંક કરવા બાબત. (RBI ની મંજુરીને આધિન)
(૮) ચેરમેનશ્રી ની અનુમતિથી રજુ થાય તે

**સાવરકુંડલા**
**તારીખ : ૧૧/૦૭/૨૦૨૫**

**પરાગકુમાર એચ. ત્રિવેદી**
**મેનેજીંગ ડિરેકટર**

**નોંધ :–**
(૧) આ બેંકના કોઈપણ સભાસદે બેંકના કામકાજ સબંધમાં કોઈપણ ખુલાસો જોઈતો હોય તો તેઓએ બેંકની ઓફીસમાં સાધારણ સભાના સાત દિવસ અગાઉ લેખીત ખબર બેંકના મેનેજરને આપવા વિનંતી છે. જો આવી ખબર આપવામાં નહી આવે અગર મોડી આપવામાં આવશે તો અન્ય વિગતને ચર્ચા કરવામાં આવશે નહી તેમજ અગાઉના કોઈ વર્ષની માહિતી આપવામાં આવશે નહી અને તે અંગે કોઈ ચર્ચા પણ હાથ ધરાશે નહીં.
(૨) કોરમના અભાવે જો સભા નહીં થાય તો બેંકના પેટા નિયમ–૨૭ મુજબ નિયત સમયના અર્ધો કલાક બાદ જે તે સ્થળે અને તારીખે સભા મળશે અને ફરી મળેલી આ સભામાં કોરમ ન થાય તો પણ સભાના મુળ કામો હાથ ધરાશે.
(૩) સાધારણ સભામાં હાજરી આપતી વખતે બેંકનું ઓરીજીનલ ઓળખકાર્ડ લાવવું ફરજીયાત છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)